Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 24 - Issue : 01

October, 2019



(અનુષ્ટુપ)

સંભાર્યા *હરિ* વિના તો કર્મ પ્રારંભ થાય ના,
કર્મ જ્યાં જે થતું હોય ત્યારેય *હરિ* યાદ ત્યાં,
થતાં, થયેલ સૌ કર્મ પાછાં *શ્રીહરિ*નાં પદે
-સમર્પીને, થવાનું છે હળવાફૂલ અંતરે.

- શ્રીમોટા

'ભાવ-કણિકા', પ્ર. આ., પૃ. ૨



આપણે એટલું ધ્યાનમાં રાખવાનું છે, કે આપણે જગતના ઋણી છીએ, જગત કંઈ આપણું ઋણી નથી. દુનિયા માટે કશુંક પણ કરવાનું આપણને મળે તો આપણાં ધનભાગ્ય કહેવાય.

જગતને મદદ કરવામાં આપણે ખરી રીતે તો આપણી જાતને જ મદદ કરીએ છીએ. આપણી જાતને જાણવાની અને મદદ કરવાની આપણી પ્રક્રિયામાં આપણે જગતની અવગણના ન કરવી ઘટે.

-શ્રીમોટા

'જીવન મંથન', પાંચમી આવૃત્તિ, પૃ. ૧૧

**પ્રકાશન સ્થળ :**
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૨૪ અંક : ૧ ઑક્ટોબર, ૨૦૧૯**

## અનુક્રમ

૧. સ્મરણ મોટેથી કરો ............................ શ્રીમોટા ૪
૨. હું મારો ધોબી અને હજામ બન્યો ................ ગાંધીજી ૫
૩. સંગીત દિવ્યકળા છે .................. પરમહંસ યોગાનંદ ૬
૪. અન્નમય મન, આપોમય પ્રાણ અને તેજોમય વાક્ : ઋષિ આરુણિ .....
.................................... સ્વામી સદાશિવ ૮
૫. અભ્યાસ અને અનુભવ વચ્ચે ઉત્તર દક્ષિણ ધ્રુવ
જેટલું અંતર છે ........................ શ્રીરંગ અવધૂત ૧૦
૬. સંતોની સરખામણીમાં કદી ના પડવું ............. શ્રીમોટા ૧૧
૭. શ્રી રમણભાઈ અમીનનું શિષ્યત્વ ............ રમેશ ભટ્ટ ૧૨
૮. સાવલીના સ્વામીશ્રીના શ્રીમુખેથી (૧) ...... પુરુરાજ જોષી ૧૩
૯. શ્રી જે. કૃષ્ણમૂર્તિની રોગહર શક્તિનો મને અનુભવ છે
........................................ વિમલા ઠકાર ૧૫
૧૦. સાચો સેવક ............................ શ્રી નંદુભાઈ ૧૯
૧૧. પૂજ્યશ્રી દેવશંકર બાબા (૫-સંપૂર્ણ) ..................
............................ શ્રી રસિકભાઈ ઈ. મહેતા ૨૦
૧૨. પ્રભાશંકર પટણીના જીવનમાંના પ્રસંગો .... મુકુલ કલાર્થી ૨૩
૧૩. સદ્ગતશ્રી નાગજીભાઈ દેસાઈને ભાવાંજલિ ....... સંપાદક ૨૫

## સહયોગ

**પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી ઈન્દ્રવદન મોહનલાલ ગાંધી રહે. અંકલેશ્વર દ્વારા 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં પ્રભુપ્રીત્યર્થે સહયોગ અપાયો છે, તે બદલ તેઓશ્રી પ્રત્યે અમો આભારની ભાવના વ્યક્ત કરીએ છીએ.**

**- સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
**Mo. / SMS / Whatsapp - 9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (એરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ', C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: ૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**'હરિભાવ' ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪, ૨૭૭૧૦૪૬**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

# (૧) સ્મરણ મોટેથી કરો

**શ્રીમોટા**

ઘણાં કહે છે કે મનથી મનમાં સ્મરણ કરીએ છીએ, પણ મનનો ગુણધર્મ તો સંકલ્પ વિકલ્પ કરવાનો છે. એટલે એ તો એ જ કરે. મનને તો સંકલ્પ વિકલ્પ કરવાની જ લગની છે. એટલે એ તો એમાં જ રહે.

માનસિક જપ ઉત્તમ ખરા, પણ આપણું મન એટલું નીરવ ન હોય એ કારણે એ તો સંકલ્પ વિકલ્પ જ કરવાનું. એટલે આપણા કાન સાંભળે એટલે મોટેથી બોલીને સ્મરણ કર્યા કરવું. એક વખત મનની નીરવતા થઈ જાય, પછી માનસિક જાપ થયા કરે તો તે ઉત્તમ. બાકી, જે એમ જ કહે છે કે 'માનસિક જપ ઉત્તમ' તો તે તેને મુબારક !

આપણામાં એક ઘરેડયુક્ત સમજણ છે કે સવારમાં ઊઠીને ૫-૧૧ માળા કરવી. બ્રાહ્મણ હોય તો સંધ્યા કે કર્મકાંડ કરે, પણ એનાથી ન ચાલે. જો ચેતન અનુભવવું હોય તો જેટલાંને મળો અથવા તો જેની સાથે મળવાનું થયું છે, તેની સાથે નિરહંકારી, મમત્વ વગરના, નિર્લોભી વગેરે પ્રકારે વર્તવાનું બને તેમ જ એ વ્યવહાર જાગૃતિવાળો તેમ જ પ્રેમભક્તિપૂર્વક હેતુના જ્ઞાનભાનવાળો બને ત્યારે જ તે ફળદાયી નીવડે છે.

ભગવાનનું સ્મરણ અનેક રીતે શાંતિ આપનારું છે. ગમે તેવી ઉપાધિમાં-ક્લેશ, ચિંતા, ત્રાસમાં હો ત્યારે એક બંધ ઓરડામાં એકાંતમાં બેસીને **જોરથી એનું સ્મરણ કરો** અને જુઓ તમને શાંતિ થાય છે કે નહિ ? તમે પ્રયોગ તો કરી જુઓ. એ અનેક રીતે સે પૂરે છે.

ભગવાનનો સહારો એ જીવનમાં સમર્થ આશરો છે. એ અનેક રીતે મદદ કરે છે. જો એનો આશરો લઈએ તો એ ખૂબ મદદ કરે છે, પણ આપણે તો ધનનો આશરો છે. આપણે તો બૅંક બૅલેન્સ ઉપર જ આધાર રાખીએ છીએ, પણ પંજાબના ભાગલા પડ્યા ત્યારે ધન ક્યાં કામ લાગ્યું ? એટલે ધનનો ઉપયોગ પણ ભગવાન માટે કરો. ધનનો આશરો, તેમ જ માતાપિતાનો, પુત્રનો કે એવો સંસારી આશરો લઈએ તો એ તો ચંચળ છે, ખરો આશરો નથી. ભગવાનનો આશરો એ બહુ સમર્થનો આશરો છે. એ ચંચળ નથી. કોઈ ભાગ્યશાળીને જ એ મળે. એ એમ ને એમ ના મળે.

આ દેશમાં શ્રીરામકૃષ્ણ, શ્રીઅરવિંદ અને શ્રીરમણ મહર્ષિ જેવા મહાત્માઓ થઈ ગયા. આ જ દેશમાં રામ, કૃષ્ણ અને બુદ્ધ ભગવાન થઈ ગયા તોપણ આ દેશ તો છે એ એમનો એમ છે. એક એવો કાળ આવ્યો કે જ્યારે ભાષણિયાઓનો પંથ પણ નીકળ્યો.

મને મારા ગુરુમહારાજે કહ્યું કે 'તું આ બધું રહેવા દે. આવા એકાંત ઓરડા-મૌનરૂમો બનાવ.' એટલે આ જે મેં બનાવ્યું છે, તે મેં ગુરુમહારાજના હુકમથી બનાવ્યું છે. એની અંદર બેસનાર બધાંનું પોતાની અંદર જે ભરેલું પડ્યું છે, તે બધું ઊભરાય છે અને તેનું પૃથક્કરણ કરી શકે છે. પોતાનામાં શું ભરેલું છે એ જાણવાની કદી કોઈને બહાર તક મળતી નથી, અંદર એ તક મળે છે. અંદર ભગવાનના નામની પ્રવૃત્તિ ૧૬-૧૭ કલાક સુધી મળે છે. પરિણામે એ જાતના સંસ્કાર એના ચિત્તમાં પડે છે. એ સંસ્કારનો ઉઠાવ થાય છે અને સૂક્ષ્મમાં પ્રવેશે છે. આપણા જન્મનો આધાર સૂક્ષ્મ સંસ્કારો પર જ રહેલો છે - આ પુનર્જન્મમાં માનતા હોય તેમને માટે છે.

મૌનરૂમમાં ભગવાનનું સ્મરણ અખંડ ચાલે છે. અંદર કોઈ એવી શક્તિ છે કે તેના વડે નામ લેવાય છે.

'મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા' ત્રીજી આ., પૃ. ૧૭ ❑

## (૨) હું મારો ધોબી અને હજામ બન્યો

ગાંધીજી

ભોગો ભોગવવાનો મેં આરંભ તો કર્યો, પણ તે ટકી ન શક્યો. રાચરચીલું વસાવતાં તો મને તે ઉપર મોહ ન જ ઊપજી શક્યો. એટલે ઘર વસાવ્યું, તેવો જ મેં ખરચ ઓછું કરવાનો આરંભ કર્યો.

ધોબીનું ખરચ વધારે લાગ્યું. વળી, ધોબી નિયમિતપણે કપડાં ન આપે તેથી બે-ત્રણ ડઝન ખમીસથી અને તેટલા કૉલરથી પણ મારું ન નભે. કૉલર રોજ બદલવા અને ખમીસ રોજ નહિ તો એકાંતરે બદલવાં. એટલે બે તરફથી ખરચ થાય. આ મને નકામું જણાયું. એટલે ધોવાનો સરંજામ વસાવ્યો. ધોવાની કળાની ચોપડી વાંચીને ધોવાનું શીખ્યો. પત્નીને પણ શીખવ્યું. કંઈક બોજો તો વધ્યો પણ નવું હતું એટલે વિનોદ થતો.

મારો પહેલો હાથે ધોયેલો કૉલર તો હું કદી ભૂલું તેમ નથી. એમાં આર વધારે ચડેલ ને ઈસ્તરી પૂરી ગરમ ન હોતી, વળી કૉલર દાઝી જવાની બીકે ઈસ્તરી બરોબર દાબી નહિ, તેથી તે અક્કડ તો બન્યો પણ તેમાંથી આર ખર્યા કરતો હતો !

આવે હાલે હું કોર્ટમાં ગયો ને બારિસ્ટરોને મજાક કરવાનું સાધન બન્યો. પણ મારામાં આવી મજાક સહન કરવાની શક્તિ તે કાળે પણ ઠીક હતી. મેં ખુલાસો કર્યો કે 'કૉલર હાથે ધોવાનો આ પહેલો અખતરો છે, એટલે તેમાંથી આર ખરે છે. મને એ અડચણકર્તા નથી, ને વળી તમને બધાને આટલો વિનોદ પૂરો પાડું છું, એ વધારાનો નફો. એક મિત્રે પૂછ્યું, 'પણ ધોબી ક્યાં નથી મળતા ?' મેં સ્પષ્ટતા કરી કે, 'અહીં ધોબીનો ખરચ મને તો અસહ્ય લાગે છે. કૉલરની કિંમત જેટલી ધોલાઈ થાય અને એ આપતાં છતાં ધોબીની ગુલામી ભોગવવી. એના કરતાં હાથે ધોવું હું પસંદ કરું છું.' આ સ્વાવલંબનની ખૂબી હું મિત્રોને ન સમજાવી શક્યો.

મારે કહેવું જોઈએ કે છેવટે ધોબીના ધંધામાં મારા કામ પૂરતી કુશળતા મેં મેળવી લીધી હતી, અને ધોબીના ઘોણ કરતાં ઘરનું ધોણ મુદ્દલ ઊતરતું નહોતું. કૉલરનું અક્કડપણું તેમ જ ચળકાટ ધોબીના ધોયેલ કૉલર કરતાં ઊતરતાં નહોતા.

ગોખલેની પાસે સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેની પ્રસાદીરૂપ એક ઉપરણો હતો. એ ઉપરણો ગોખલે અતિશય જતનથી રાખતા અને ખાસ પ્રસંગે જ વાપરતા. જોહનિસ બર્ગમાં તેમના માનમાં જે ખાણું આપવામાં આવ્યું હતું તે મેળાવડાનો પ્રસંગ મહત્ત્વનો હતો. દક્ષિણ આફ્રિકામાં આ તેમનું મોટામાં મોટું ભાષણ હતું. તેથી તે પ્રસંગે તેમને પેલો ઉપરણો વાપરવો હતો. તે ચોળાયેલ હતો ને તેને ઈસ્તરી કરવાની જરૂર હતી. ધોબી મેળવી તેની પાસે તુરત ઈસ્તરી કરાવવી એ અસંભવિત હતું. મને મારી કળાનો ઉપયોગ કરવા દેવાની મેં માગણી કરી.

'તમારી વકીલાતનો હું વિશ્વાસ કરું, પણ આ ઉપરણા ઉપર તારી ધોબીકળાનો ઉપયોગ કરવા હું ન દઉં. એ ઉપરણાને તું ડાઘ પાડે તો ? એની કિંમત તું જાણે છે ?' આમ કહી અતિ ઉલ્લાસથી પ્રસાદીની કથા મને સંભળાવી.

મેં વિનય કર્યો ને ડાઘ ન પડવા દેવાની

**(અનુસંધાન પેજ નં. ૯ ઉપર)**

## (૩) સંગીત દિવ્યકળા છે

**પરમહંસ યોગાનંદ**

સામવેદમાં સંગીત વિદ્યા ઉપરનાં સૌથી પ્રાચીન લખાણો છે. **ભારતમાં સંગીત, ચિત્રકલા અને નાટક એ ત્રણેને દિવ્યકળા ગણવામાં આવે છે.**

બ્રહ્મા, વિષ્ણુ અને શિવ - સનાતન ત્રિપુટી આદિ સંગીતકારો હતા. વિશ્વનૃત્યકાર શિવને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયના વિશ્વકાર્યમાં તાલ-લયના અગણિત પ્રકારોના સૃષ્ટા તરીકે શાસ્ત્રમાં વર્ણવાયા છે. જ્યારે બ્રહ્મા કરતાલથી અને વિષ્ણુ પવિત્ર મૃદંગ વગાડી તાલ પૂરે છે.

વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતીને સર્વ તંતુવાદ્યોની માતા જેવી વીણા વગાડતા ચીતરવામાં આવ્યાં છે. વિષ્ણુ અવતાર ગણાતા કૃષ્ણને હિન્દુ ચિત્રકાળમાં બંસરી બજાવતા ચીતરવામાં આવ્યા છે. તેના ઉપર એ એવું અતિ પ્રસન્ન કરનારું ગીત વગાડે છે કે જે માયાની ઈન્દ્રજાળમાં ભટકતા માનવ આત્માઓને પોતાના સાચા ગૃહ પ્રતિ પાછા બોલાવે છે.

ભારતીય સંગીતના પાયારૂપ તેના *રાગો* એ નિશ્ચિત સ્વર વર્ણની રચના છે. મૂળ છ રાગોમાંથી કુલ ૧૨૬ નવી રાગ રચનાઓને *રાગિણી* (પત્નીઓ) અને પુત્રો તરીકે વર્ણવ્યા છે. દરેક રાગના ઓછામાં ઓછા પાંચ સ્વરો હોય છે. જેમાં મુખ્ય સ્વર (વાદી કે રાજા), ગૌણ સ્વર (સંવાદી કે પ્રધાનમંત્રી) સહાયક સ્વરો (અનુવાદી કે સહચરી) અને વિસંવાદી સ્વર (વિવાદી કે શત્રુ) હોય છે.

મૂળ છ રાગમાંના પ્રત્યેક રાગને દિવસનો નિશ્ચિત સમય, વર્ષની કોઈ ઋતુ અને કોઈ અધિષ્ઠાતા દેવ સાથે કુદરતી સંવાદિતા હોય છે, જે એક વિશિષ્ટ શક્તિ પ્રદાન કરે છે.

આ રીતે હિંડોળ રાગ ફક્ત વસંતઋતુમાં પ્રાતઃકાળમાં વૈશ્વિક પ્રેમની ભાવના જાગ્રત કરવા માટે સાંભળવામાં આવે છે. (૨) **દીપકરાગ** - ઉનાળાની ઋતુમાં સંધ્યા સમયે કરુણાની લાગણી ઉત્પન્ન કરવા ગવાય છે. (૩) **મેઘરાગ** - વર્ષાઋતુમાં મધ્યાહ્ને ગવાય છે. તેના વડે શૌર્ય-હિંમતનું આહ્વાન કરવામાં આવે છે. (૪) **ભૈરવરાગ** - ઑગસ્ટ, સપ્ટેમ્બર અને ઑક્ટોબર માસમાં પ્રાતઃકાળે શાંતિ અર્થે ગવાય છે. (૫) **શ્રી રાગ** - પવિત્ર પ્રેમના સંપાદન અર્થે શરદઋતુમાં સંધ્યા સમયે ગાવામાં આવે છે. (૬) **માલકોસરાગ** - શિયાળાની મધ્યરાત્રિએ બહાદુરી માટે ગવાય છે.

પ્રાચીન ઋષિઓએ માનવ અને કુદરત વચ્ચેના સ્વરનિયમોના મેળનું આ સંશોધન કર્યું હતું. કારણ કે પ્રકૃતિએ ૐ આદિ સ્વર અથવા પ્રણવ સ્પંદનનું મૂર્ત રૂપ છે, તેથી અમુક મંત્રોચ્ચાર કે ગાનથી મનુષ્ય સમગ્ર પ્રાકૃતિક અભિવ્યક્તિઓ પર અંકુશ મેળવી શકે છે.

મહાન અકબર બાદશાહના દરબારમાં સોળમી સદીમાં અસાધારણ શક્તિ ધરાવતા મિયાં તાનસેન નામે સુપ્રસિદ્ધ સંગીતકાર થઈ ગયા હતા, એવું ઐતિહાસિક દસ્તાવેજો કહે છે. જ્યારે સૂર્ય મધ્યાહ્ને તપતો હતો ત્યારે બાદશાહે રાત્રિમાં ગવાતો રાગ ગાવાની આજ્ઞા કરી. તાનસેને એવું મંત્ર ગાન કર્યું કે જે દ્વારા મહેલના વિસ્તારમાં તત્કાળ અંધકાર છવાઈ ગયો.

ભારતીય સંગીતમાં સ્વર સપ્તકને ૨૨ શ્રુતિઓમાં અથવા અર્ધસ્વરોમાં વિભક્ત કરેલ છે. આ સૂક્ષ્મ સ્વરાંતરિક નાદ કે જે સંગીતમય ભાવ ખૂબીપૂર્વક સ્પષ્ટ કરી શકે છે, જે બાર અર્ધસ્વરની વહેંચણીવાળા પાશ્ચાત્ય સંગીતમાં અપ્રાપ્ય છે. હિંદુ પુરાણોમાં આ મુખ્ય સાત સ્વરોની સાથે સંબંધ દર્શાવતા રંગો અને પશુપક્ષીઓના ધ્વનિનો ઉલ્લેખ છે. દાખલા તરીકે તેની વિગતો નીચે મુજબ છે.

(૧) **'સા'** નો લીલા રંગ અને મયૂરપક્ષી સાથે,
(૨) **'રે'** નો લાલ રંગ અને ચંડેલ પક્ષી સાથે,
(૩) **'ગ'** નો સોનેરી રંગ અને બકરી સાથે,
(૪) **'મ'** નો ખુલ્લા પીળા રંગ અને સારસ પક્ષી સાથે,
(૫) **'પ'** નો કાળા રંગ અને બુલબુલ સાથે,
(૬) **'ધ'** નો પીળા રંગ અને ઘોડા સાથે
(૭) **'ની'** નો બધા રંગનું મિશ્રણ અને હાથી સાથે સંબંધ ગણાવ્યો છે.

ભારતીય સંગીતમાં કુલ ૭૨ બોંતેર થાટ (સ્લેક) માનવામાં આવે છે. તેમાં રાગમાં રહીને અસંખ્ય સ્વર સમૂહો રચવાની તક ગાયકને હોય છે. રાગના મુખ્ય ભાવને ધ્યાનમાં રાખીને રાગ વિસ્તાર કરતા જઈ તેમાં તે પોતાનું વ્યક્તિગત વૈવિધ્ય ઉમેરી શકે છે. હિંદુ સંગીતકાર નિશ્ચિત સ્વરોનું વાંચન કરતા નથી ને દરેક પ્રયત્ને રાગના સીધા સ્વરોને નવેસરથી શણગારે છે. કેટલીકવાર એકનો એક મધુર સ્વર વારંવાર ઉચ્ચારે છે ત્યારે ત્યાં શ્રુતિ અને લયનો સમાવેશ કરે છે.

ભારતીય સંગીત એ આત્મલક્ષી, આધ્યાત્મિક અને વ્યક્તિગત કળા છે. જેનું ધ્યેય એ વાદ્યસંગીતનો ઝળહળાટ નથી, પરંતુ પરમાત્મા સાથે વ્યક્તિગત ઐક્ય સાધવાનું છે. ભારતનાં બધાં જ જાણીતાં ભજનો પ્રભુના ભક્તોએ રચ્યાં છે. સંગીતકાર માટે સંસ્કૃતમાં **'ભાગવતાર'** એવો શબ્દ છે, જેનો અર્થ 'જે પ્રભુના ગુણગાન કરે છે તે' એવો થાય છે.

સંકીર્તન અથવા સામુદાયિક સંગીત-સભા એ યોગનું અથવા આધ્યાત્મિક સાધનાનું અસરકારક રૂપ છે, જેમાં બીજ વિચાર અને ધ્વનિ સાથે સંપૂર્ણ એકાગ્રતા અને ઊંડી તલ્લીનતાની જરૂર રહે છે, કારણ કે સ્વયં માનવ, નાદબ્રહ્મની અભિવ્યક્તિ હોવાથી તેના પર અવાજની ધારેલી અસર સબળ રીતે તરત જ થાય છે.

પૂર્વ અને પશ્ચિમનું મહાન ધાર્મિક સંગીત માનવીને આનંદ આપે છે, કેમ કે તે માનવીના મેરુદંડના ગૂઢ કેન્દ્રો પૈકી એકાદને ક્ષણભર માટે જાગૃત કરે છે. આવી પરમાનંદ સભર પળોમાં તેને તેની દૈવી પ્રકૃતિના મૂળની ઝાંખી યાદદાસ્ત તાજી થાય છે.

'યોગી કથામૃત', પાંચમી આ., પૃ. ૨૦૧ ❑

**ઑડિયો બુક અંગે જાણકારી**

પૂજ્ય શ્રીમોટાના નડિયાદના (હાલ અમેરિકા) સ્વજન શ્રી હર્ષદ શાહે પૂજ્ય શ્રીમોટા અંગે કરેલ કેટલાંક લખાણનું પ્રકાશન ગત વર્ષે નરોડા ખાતે ઊજવાયેલ ભાદરવા વદ ચોથના ઉત્સવ પ્રસંગે કર્યું હતું. તેનું ટાઇટલ હતું, **'સમર્થ સદ્‌ગુરુ શ્રીમોટા'.**

આ પુસ્તકનું ઑડિયો રૂપાંતર શ્રી શાહે પોતાના અવાજમાં કરેલ છે. You Tube પર Nadiad-Harshad Shah ટાઈપ કરી Ok કરવાથી તેનું શ્રવણ કરી શકાશે.

*શ્રી હર્ષદ શાહ તરફથી મળેલ વિગતના આધારે.*

**- સંપાદક**

## (૪) અન્નમય મન, આપોમય પ્રાણ અને તેજોમય વાક્ : ઋષિ આરુણિ

સ્વામી સદાશિવ

મંત્રોચ્ચારમાં કે શબ્દોચ્ચારમાં પ્રાણની જેમ વાણીની પણ બહુ જ ઉપયોગિતા છે, કેમ કે વાણી વડે શબ્દોચ્ચાર થાય છે. વાણી મુખ્ય સાધન છે. વાણીના દેવતા એટલે કારણ તેજ હોવાથી આપણે જે કંઈ ખાઈએ છીએ તેમાંથી વાણી શ્રેષ્ઠ તત્ત્વને લઈ લે છે, કે જે તત્ત્વ શરીર માટે બહુ ઉપયોગી હોય છે. આ વિષે ઉપનિષદના આધારે કેવળ અર્થાનુવાદનું અવલંબન લઈ સ્પષ્ટતાથી સમજાવું છું.

છાંદોગ્ય ઉપનિષદમાં ઋષિ આરુણિ તેમના પુત્ર શ્વેતકેતુને મન, પ્રાણ અને વાણીની વ્યાખ્યા પ્રસંગે આ પ્રમાણે સમજાવે છે :-

આપણે જે **અન્ન** ખાઈએ છીએ તેનાં ત્રણ વિધાન થાય છે. જે સ્થૂળ ધાતુ છે તે મળ બને છે, જે મધ્યમ છે તે માંસ બને છે અને જે સૂક્ષ્મ છે તે **મન** બને છે.

આપણે જે **જળ** પીએ છીએ તેનાં ત્રણ વિધાન થાય છે. સ્થૂળ મૂત્ર થાય છે, મધ્યમ લોહી થાય છે અને સૂક્ષ્મ વડે **પ્રાણ** થાય છે.

આપણે **ઘી, તેલ જેવાં તૈજસ તત્ત્વ** ખાઈએ છીએ તેનાં પણ ત્રણ વિધાન થાય છે. સ્થૂળ ધાતુમાંથી હાડકાં બને છે, મધ્યમાંથી મજ્જા એટલે અસ્થિ (હાડકાં)ના પોલાણમાં રહેલું સત્વ બને છે અને અણિષ્ઠ એટલે સૂક્ષ્મ તત્ત્વમાંથી **વાક્ (વાણી)** બને છે.

આ પ્રમાણે ઋષિ આરુણિ પુત્ર શ્વેતકેતુને કહે છે, 'હે સૌમ્ય, **અન્નમય મન, આપોમય પ્રાણ અને તેજોમયી વાક્ છે.**'

શ્વેતકેતુ ફરીથી સ્પષ્ટ રીતે સમજાવવા પિતાશ્રી આરુણિને કહે છે એટલે તેને ફરીથી સમજાવવામાં આવે છે.

'હે સૌમ્ય ! જેમ દહીંને મથવાથી જે અણિમા છે, સૂક્ષ્મ છે તે ઉપર આવે છે અને તે ઘી બને છે. તેમ જ અન્ન ખાવાથી જે સૂક્ષ્મ તત્ત્વ ઉપર ચઢે છે તે મન બને છે અને જલ પીવાથી જે સૂક્ષ્મ છે તે ઉપર આવે છે અને તે પ્રાણ થાય છે. તૈજસ તત્ત્વ ખાવાથી જે સૂક્ષ્મ છે તે ઉપર આવે છે અને તે વાક્ બને છે.' માટે હે સૌમ્ય ! અન્નમય મન છે, આપોમય પ્રાણ છે અને તેજોમય વાક્ છે.

આ રીતે આપણે જે કંઈ ખાઈએ કે પીએ છીએ તેમાંથી સૂક્ષ્મ તત્ત્વને મન, પ્રાણ અને વાણી લઈ લે છે અને ત્રણેમાં પણ જે સૌથી સૂક્ષ્મ તત્ત્વ છે તે તો વાક્ (વાણી) લઈ લે છે. તેથી જેઓ વૃથા બકવાદ કરે છે તે ઘણી શક્તિનો વૃથા ક્ષય કરે છે.

મૌન રહેવાથી શક્તિનો સંચય થાય છે, પરંતુ મૌન રહીને વૃથા સંકલ્પ-વિકલ્પ કરવાનો નિષેધ છે. યા તો મહત્ત્વના વિષય બાબતનો વિચાર કરો અથવા તો ધ્યાન જપ કરો. જેઓ વેદપાઠ કરતા હોય, જેઓ ઉચ્ચ સ્વરે જપ કરતા હોય અથવા જેઓ ભાષણ-પ્રવચન કરતા હોય તેઓએ સત્ત્વપ્રધાન ખોરાક લેવો જોઈએ.

જો કોઈ વેદવિજ્ઞાન સંમત વિહિત ઉપાય વડે જપ-પાઠાદિ કરે તો તે શરીર, મન, વાણી તથા બુદ્ધિને શક્તિશાળી બનાવી શકે છે,

જીવનને રૂપાંતરિત કરી શકે છે. જો અવિહિત ઉપાયો કરતા હોય તો પ્રાણના વેગને જીરવી નહિ શકતા હોવાથી વિકૃત મસ્તક અથવા તો કેટલાક અસાધ્ય રોગો થવાની પણ સંભાવના રહે છે. પરંતુ આ વેદપાઠાદિ ક્રિયાઓ જો સામૂહિકરૂપે, શુદ્ધ વાતાવરણવાળા સ્થળમાં, સમ સ્વરે, સમાન ધ્યેયને કેન્દ્ર બનાવીને કરવામાં આવે તો અસાધ્ય સાધન પણ સાધી શકાય છે.

જીવન એ ફાવે તેમ હાલવું, ચાલવું, બોલવું કે બેસવું - ઊઠવું તે નથી... આંતર જીવનમાં મન, બુદ્ધિ, વાણી તથા પ્રાણ મુખ્ય સ્થાન ધરાવે છે. તેથી તેઓની શુદ્ધિ અને વિકાસની જરૂર હોય છે. આકાશ એ કારણ તત્ત્વ હોવાથી આપણને આકાશમાંથી બધાં તત્ત્વો મળી રહે છે. તેથી શુદ્ધ વાતાવરણવાળી ખુલ્લી જગ્યામાં હરવાફરવાથી આપણું ચિત્ત સ્વભાવતઃ પ્રસન્ન થાય છે, કેમ કે મુક્ત આકાશમાંથી બધાં તત્ત્વોના સૂક્ષ્મ કણો આપણને મળી રહે છે. તમે જ આકાશના ગુણ શબ્દતત્ત્વનું સંશોધન-વિકસન કરવાથી શરીરમાં રહેલાં બીજાં તત્ત્વોનું પણ સંશોધન થઈ જાય છે. શબ્દ તન્માત્રાની ગતિની સાથે સાથે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ— આ ચાર તન્માત્રાઓની ગતિ થાય છે. જો શબ્દની ગતિ રૂંધાઈ જાય તો બીજા ચારની ગતિ પણ અટકી પડે છે. ગતિરોધ (stagnation) એ જ સર્વ રોગ, સર્વ સડા અને સર્વ દુઃખનું કારણ છે.

'જીવનવિજ્ઞાન' બી.આ., પૃ. ૧૦૭ ❑

(અનુસંધાન પેજ નં. ૫ નું ચાલુ)

ખોળાધરી આપી. મને ઈસ્તરી કરવાની રજા મળી. મારી કુશળતાનું મને પ્રમાણપત્ર મળી ચૂક્યું ! હવે મને જગત પ્રમાણપત્ર ન આપે તો શું થયું ?

જેમ ધોબીની ગુલામીમાંથી હું છૂટ્યો તેમ હજામની ગુલામીમાંથી પણ છૂટવાનો પ્રસંગ આવ્યો. હજામત તો વિલાયત જનારા સહુ હાથે કરતાં શીખે જ. પણ વાળ કાપવાનું કોઈ શીખતા હોય એવો મને ખ્યાલ નથી.

પ્રિટોરિયામાં હું એક વેળા એક અંગ્રેજ હજામની દુકાને પહોંચ્યો. તેણે મારી હજામત કરવાની ઘસીને ના પાડી, ને ના પાડવામાં જે તિરસ્કાર બતાવ્યો તે વધારાનો. મને દુઃખ થયું. હું પહોંચ્યો બજારમાં. વાળ કાપવાનો સંચો ખરીદ્યો ને અરીસાની સામે ઊભા રહી વાળ કાપ્યા. વાળ જેમ તેમ કપાયા તો ખરા, પણ પાછળના વાળ કાપતાં બહુ મુશ્કેલી પડી. સીધા તો ન જ કપાય. કોર્ટમાં હસાહસ !

એક જણે કહ્યું, 'તારે માથે ઉંદર ફરી ગયા છે ?' મેં કહ્યું, 'ના મારા કાળા માથાનો સ્પર્શ ધોળા હજામ કેમ કરે ? એટલે જેવા તેવા પણ હાથે કાપેલા વાળ મને વધારે પ્રિય છે.' પેલા હજામનો કશો દોષ નહોતો. જો તે શ્યામવર્ણ લોકોના વાળ કાપે તો તેની કમાણી જાય ! આપણા અસ્પૃશ્યોના વાળ ઊંચવર્ણના હિંદુઓના હજામ પાસે આપણે ક્યાં કપાવા દઈએ છીએ ? એનો બદલો મને દક્ષિણ આફ્રિકામાં અનેક વેળા મળ્યો છે. આપણા દોષનું એ પરિણામ છે એવી મારી સમજ હોવાથી મને એ વાતનો કદી રોષ નથી ચડ્યો.

'મારી આત્મકથા' દસમી આ., પૃ. ૧૯૩ ❑

## (૫) અભ્યાસ અને અનુભવ વચ્ચે ઉત્તર દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે શ્રીરંગ અવધૂત

સત્યને જાહેરખબરની જરૂર નથી. એ પોતાનો પ્રચાર પોતાની મેળે કરી લેવાને પૂર્ણ રીતે સમર્થ છે. પ્યાસો હશે તે જળાશય ખોળતો હજાર ગાઉથી પણ દોડી આવશે ને પાણી પીનારને અંતરની આશિષ દેશે અને વગર પ્યાસાની પાસે અમૃત ધરશો તોપણ તે નકામું છે. એવું મેં અનેકવાર કહ્યું છે. પણ સ્વભાવનું ઓસડ નથી.

હાલમાં અનેક બાહોશ માણસો પત્રવ્યવહારથી અનેક જાતના ઇલમો શીખવવાના વર્ગો ચલાવી રહ્યા છે. હું એવી 'બાહોશી' કેળવું એવી તમારી ઇચ્છા હોય એમ જણાય છે. પણ હું શું કરું ? હું તો સાવ ગમાર છું ને દિવસે દિવસે વધારે ગમાર થતો જાઉં છું. થોડા દિવસ પછી સુધરેલા ને ભણેલાંગણેલાં લોકો મારી પાસે આવતા પણ - મારી સાથે પોતાનો કંઈક સંબંધ છે એમ જાહેરમાં સુધરેલા સમાજમાં જણાવતાં પણ કદાચ શરમાશે. એ દિવસ વહેલો આવે એમ ઇચ્છું છું.

મેં અનેકવાર કહ્યું હશે કે **અભ્યાસ અને અનુભવ એ બેમાં ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેટલું અંતર છે.** એક કણ અનુભવ હજારો ખાંડી અભ્યાસ કરતાં પણ વધારે કીમતી છે. પેલા શાસ્ત્રીની શંકાઓનો હું શો જવાબ આપું ? હું શાસ્ત્રી નથી. કદાચ ગાંડો-ઘેલો જવાબ આપવાનો પ્રયત્ન કરું તો એ જવાબમાં શંકાઓ નીકળશે ને તેમનું સમાધાન કરવા બેસીશ તો વળી બીજી નીકળશે અને એમ અનવસ્થા થશે. માટે હું મૌન રાખું એ જ ઠીક... બાકી 'ભજગોવિંદ' પંથના શાસ્ત્રીઓનો તો હું ચરણનો દાસ છું.

તમે મને મોકલેલું બધું critically વાંચીને સુધારી જવા ભલામણ કરો છો પણ મારી 'critic'ની આંખો ફૂટી ગઈ છે. હું બીજાઓને પણ કહું છું કે criticની આંખો બાજુએ મૂકી ભક્તની દૃષ્ટિથી સૌની તરફ આ કે અન્ય કોઈનાં સ્તોત્ર પણ નિહાળો તો તેમને અવશ્ય આનંદ ભાષાશાસ્ત્રીઓને શબ્દના કૂચા ચૂંથવા દો. તમે તો અંદરનો ભક્તિરસ જ પીવો. પૂછે તેને કહો કે હું કંઈ જાણતો નથી. અંદરથી કંઈ મળે તેવું હોય તો લો નહિ તો પુસ્તકને ગટરમાં ફેંકી દો. મેં તમને પુસ્તકના પ્રચારમાં ભણતર કરતાં ભાવ તરફ વધારે નજર રાખવા કહેલું. મને લાગે છે કે લખેલું પણ ખરું.

ઈશ્વરના દરબારમાં ભણતરની શુષ્ક શબ્દપાંડિત્યની જરૂર છે જ એમ નથી. ઊલટું કેટલીક વાર સાધકને એ અભિમાન ગર્તમાં નાખી વિઘ્નકર્તા નીવડે છે. પણ ભાવ વગર નિખાલસ પ્રેમ વગર તો ત્યાં ડગલું પણ વધી શકાય એમ નથી.

ભાષાશાસ્ત્રીઓનું સમાધાન તો આપણે કરી શકવાનાં નથી કરવાની જરૂર પણ નથી.. પંડિતો ને પ્રોફેસરો કે અન્યોની સાથે ચર્ચા કરવાનું છોડી દઈ શાંતિથી ભગવાનનું ભજન કરો. હું તો ધીમે ધીમે બધી ભાષાઓ ભૂલી જાઉં છું. કેટલીક ભાષાઓ તો ભૂલી પણ ગયો છું. માત્ર હૃદયની ભાષા જાણું છું. જાણવાનો પ્રયત્ન કરું છું. બાકી મારા માટે જે કાંઈ પૂછે તેને હું નિખાલસ દિલે કહું છું કે ભાઈ :-

**(અનુસંધાન પેજ નં. ૧૮ ઉપર)**

## (૬) સંતોની સરખામણીમાં કદી ના પડવું

શ્રીમોટા

પ્રત્યેક સંતાત્માામાં નાનામોટાપણું કશું નથી. જેનું જેવા પ્રકારનાં કામે નિમિત્ત થવાપણું બન્યું હોય અને તેમાં જેટલી શક્તિ યોગ્ય વપરાવી ઘટે તેટલી જ તે વાપરે. પૂજ્ય ગૌતમ બુદ્ધના સમયમાં બીજા સંતાત્માઓ પણ હશે અને એમને કોઈ તદ્દન નજીવા કાર્ય અંગે નિમિત્ત થવાનું આવ્યું હોય અને એને અંગે તે તેટલી શક્તિ વાપરે. માટે, તે ગૌતમ બુદ્ધથી ઓછી શક્તિવાળા એમ નથી. આપણામાં રામાવતાર ચૌદ કળાવાળા અને શ્રીકૃષ્ણ ભગવાન સોળ કળાવાળા ગણાય છે. તેથી, શ્રીરામચંદ્ર ભગવાનની શક્તિ ઓછી એમ ઘણાં માને છે, પણ તે ખોટું છે. એમના સમયના કાળધર્મમાં એમને એટલી કળાનો ઉપયોગ જરૂરનો હતો. એમની શક્તિ તો એનાથીયે વધારે હતી, જેટલી શ્રીકૃષ્ણ ભગવાનમાં હતી તેટલી જ હતી, પણ જરૂર જેટલી જ વાપરી. એ રીતે આજના જાણીતા સંતાત્માઓને જેવી રીતે જેટલા પ્રમાણમાં વ્યક્ત થવાનું નિમિત્ત હોય તેટલા પ્રમાણમાં તેઓ તેવી રીતે વ્યક્ત થતા હોય. તેમાં ઓછાવત્તાપણું ધારવાનું આપણે ના રાખવું.

કોઈ પણ કાળના કોઈ પણ સંતાત્માનું નાનામોટાપણાનું માપ તેમની વ્યક્તતા નથી કે તેમની પ્રખ્યાતિ નથી. માટે, આપણે સંતાત્માઓને માપવા પ્રયત્ન ન કરવો, પણ આપણું પોતાનું દર્શન થાય અને તેમાં કેટલી ઊર્ધ્વગતિ થાય છે, એ ઉપર જ લક્ષ કેંદ્રિત કરવાનું છે. કોઈ મોટો, કોઈ નાનો એમ ધારવામાં ભુલાવામાં પડવાનો સંભવ છે. આપણે તે દિશામાં યોગ્યતાવાળાં થતાં સહુ કંઈ ઠીક સમજાયા જશે. સહુ કોઈ સંતાત્મા કાળધર્મ પ્રમાણે અને માનવીની તે તે કાળ પૂરતી ગડમથલો તેમ જ તેઓ જે જે પ્રકારનાં જેવાં નિમિત્ત થયાં કરતાં હોય છે, તે પ્રમાણે વર્ત્યા કરતા હોય છે. પછી ભલેને કોઈ પ્રખ્યાત હોય કે કોઈ નયે હોય. સતત વિકાસ થયા જ કરતો હોય છે. એટલે કોઈ ઓછી વિકાસવાળી ભૂમિકાવાળા સંતાત્મા હોય કે કોઈ વધારે વિકાસવાળી ભૂમિકાવાળા સંતાત્મા હોય એવો પ્રશ્ન ઉદ્‌ભવે જ, પરંતુ એવી સરખામણીમાં સાધકે કદી પણ ના પડવું. આપણી એવી દશા થતાં સૌ કોઈ ખરું આપમેળે સમજાયા જશે.

સાધનાની પ્રભુને પામવાની રીતો પણ જુદી જુદી રહ્યા જ કરવાની. તેથી, અમુક જ સાધન પ્રણાલિકા શ્રેષ્ઠ છે અને અમુક નથી એવી ગડભાંજમાં સાધકે કદી પણ ન પડવું. આપણે જે સાધન લીધું હોય તે સાધનમાં જીવંત શ્રદ્ધા, વિશ્વાસ બેસતાં જાય એટલું જ આપણે માટે બસ છે. સર્વ સંતાત્માઓ પ્રભુની વિભૂતિઓ છે, એવી દૃઢ ભાવના આપણે હૃદયમાં રાખવી. મહાત્મા ગાંધીનું પ્રભુનિમિત્ત કર્તવ્ય હિંદના લોકોને તેમની તામસ નિદ્રામાંથી જગાડીને જે સ્થૂળ સુખથી પણ તેઓ વંચિત છે, તે મેળવવા માટેનું છે. એટલે કે સ્વરાજ્ય પ્રાપ્તિનું એમનું દિવ્ય કર્તવ્ય છે. લોકોમાં સામાન્ય બહુજનમાં આજે તો તેવી જાતની

**(અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)**

## (૭) શ્રી રમણભાઈ અમીનનું શિષ્યત્વ

રમેશ ભટ્ટ

પૂજ્ય શ્રીમોટા કહેતા કે, 'શ્રેયાર્થીનો શરણભાવ કેળવાતો જાય તેમ ગુરુની સહાય એના અનુભવમાં આવ્યા વિના રહેતી જ નથી.'

રમણભાઈ અમીન સાહેબ મોટા ઉદ્યોગપતિ હોવા છતાં શ્રીમોટા પ્રત્યે એમને એટલો બધો ભાવ જાગેલો કે ગમે તેટલા માણસોની હાજરીમાં પણ શ્રીમોટાને સહજતાથી નમસ્કાર કરતા. શ્રીમોટાનો રમણભાઈનો આંતરિક સંબંધ ઓળખવો મુશ્કેલ છે.

પૂજ્ય શ્રીમોટાની પાસે મને થયેલી એક અનુભૂતિ અત્રે આલેખું છું.

એક દિવસ બપોરના સમયે નડિયાદના હરિઃૐ આશ્રમમાં શ્રીમોટા સૂતા હતા. એમના મુખારવિંદનાં દર્શન મને થયા કરે તે રીતે હું તેમની પાસે બેઠો હતો. અમે બન્ને એકલા જ હતા. એવામાં એકાએક શ્રીમોટાના મુખારવિંદનું દર્શન ભગવાન શંકરના રૂપમાં મને થવા લાગ્યું. એમના ગળામાં સર્પોની માળા મને દેખાવા લાગી. આખા શરીરે ભભૂત ચોળેલી હતી.

આ પ્રકારનાં દર્શનથી હું એકદમ આશ્ચર્ય પામી ગયો અને સ્તબ્ધ થઈ ગયો. ૧૦-૧૫ સેકંડ જ આ દર્શન રહ્યું. આ દર્શનથી હું ઊંડા અચરજમાં ડૂબેલો હતો. ત્યાં જ શ્રીમોટા બોલ્યા, 'તમે જે દર્શન કર્યું એમાં શંકા કરવા જેવું કાંઈ નથી. મહાદેવ સ્મશાનમાં સૂતા હતા અને અમે પણ સ્મશાનમાં સૂતા છીએ. (નડિયાદ આશ્રમ પાછળ જ શેઢી નદીના કિનારે સ્મશાનભૂમિ છે) શંકર ભગવાને અંગે રાખ ચોળેલી. અમારા અંગે પણ રાખ છે, પણ એ રાખ નિર્મમત્વ અને નિઃસ્પૃહાની છે. પરમાત્માના અનુભવીની પાસે પ્રાણી પોતાની મૂળ પ્રકૃતિને આપોઆપ વીસરી જાય છે. એટલું જ નહિ, પણ પરસ્પર વિરોધી પ્રકૃતિવાળાનો પણ એની હાજરીમાં સમન્વય થાય છે.'

તમે જે જોયું એ તો માત્ર તમારા સબકૉન્સિયસમાં એટલે કે તમારી અવચેતનામાં પડેલા મહાદેવની ઉપાસનાના સંસ્કારોનું પ્રોજેક્શન હતું. એમાં કશો ચમત્કાર નથી. હા, એટલું ખરું કે અનુભવીની પાસે કોઈક નિમિત્તે શુભ સંસ્કારો જાગૃત થઈને સાકાર થાય છે. તમને કદાચ પ્રશ્ન થશે કે ભગવાન શંકરના-મહાદેવના ગણ કુબેર હતા, એ અહીં ક્યાં છે ?

એ જ સમયે રમણભાઈ અમીન સાહેબનો આશ્રમમાં પ્રવેશ થયો અને તેઓશ્રી શ્રીમોટા પાસે આવ્યા. એમને જોતાં જ એકદમ શ્રીમોટા ઉલ્લાસમાં આવી ગયા. સૂઈ રહેલા શ્રીમોટાનાં ચરણમાં રમણભાઈએ માથું મૂકીને નમસ્કાર કર્યા. એ વખતે શ્રીમોટા મારી સામું જોઈને બોલ્યા કે 'જોયુંને સાહેબ, આ અમારા કુબેર છે. એમની તો મુલાકાત મેળવવી પણ મુશ્કેલ પડે. એ કોનાં ચરણમાં નમે છે એ સમજાયુંને ?' બસ, આ રીતે પ્રસંગ પૂરો થયો.

રમણભાઈ સાથેની અંગત મુલાકાત દરમિયાન એમણે મને કહેલું કે 'મને પહેલેથી મહાદેવ પ્રત્યે આકર્ષણ ખરું. શિવાલયમાં દર્શન કરવાં જવાનું મન પણ બહુ થાય. એક વખત શ્રીમોટાએ મને (રમણભાઈને) સ્ફટિકનું શિવલિંગ પોતાના હૃદયને અડાડીને આપ્યું હતું. આજે પણ મારી પૂજામાં એ છે.' આથી, શ્રીમોટા અને રમણભાઈ વચ્ચેનો મહાદેવ અને કુબેર જેવો સંબંધ સ્પષ્ટ થાય છે.

'શૂન્યના સાથી', પ્ર. આ., પૃ. ૨૫ ❑

## (૮) સાવલીના સ્વામીશ્રીના શ્રીમુખેથી (૧)

પુરુરાજ જોષી

*(સાવલીના સ્વામીશ્રી સાથે શ્રી પુરુરાજને નિમિત્તયોગે જે સત્સંગનો લાભ મળ્યો તેનું આલેખન કરી તેમણે **'જિજ્ઞાસુની ડાયરી'** પ્રકાશિત કરી છે. તેની બીજી આવૃત્તિમાંથી પસંદગીના કેટલાંક સુવાક્યોનો આ ઉતારો છે. સ્વામીજી ક્યારેક હિન્દી તો ક્યારેક ગુજરાતી ભાષામાં સંવાદ કરતા હતા. - સં.)*

૧. અમારી માએ અમારા રૂમમાં બે સૂત્રો ચિતરાવ્યાં હતાં. એક થા : 'સત્ય સંકલ્પ કા ઈશ્વર દાતા.' ઔર દૂસરા સૂત્ર થા, 'સુખ ચાહો તો સુખ દો.'

૨. શવાસનમાં શબની જેમ નિશ્ચેષ્ટ પડ્યા રહેવાનું. હું શરીર નથી. હું તો શરીર કરતાં અલગ છું એવી ભાવના સાથે ધીમે ધીમે શ્વાસ-ઉચ્છ્વાસની ક્રિયા મંદ, અતિ મંદ કરતા જવાનું. પગના અંગૂઠાથી પણ શ્વાસ લઈ શકાય ! યહ એક બહુત બડી યૌગિક ક્રિયા હૈ. જિસને શવાસન શીખ લિયા ઉસે મૌત કા કોઈ ડર નહીં રહતા.

૩. હવામાંના ઑક્સિજનને તમે સારા પ્રમાણમાં લઈ શકો તો શરીર સ્વસ્થ રહે, ચુસ્ત રહે, નીરોગી રહે, થકાન ન લાગે. શરીર કી જરૂરિયાત સે જ્યાદા મત ખાઓ. જ્યાદા ગરમ ઔર જ્યાદા ઠંડી ચીજે ભી નહીં ખાની ચાહિયે.

૪. હિન્દી કે પ્રસિદ્ધ કવિ સુમિત્રાનંદન હમારે દોસ્ત થે. ઉનકી એક કવિતા હમેં બહુત પસંદ આયી થી. **'સુખી પત્તી'.** સુખી પત્તી જબ ડાર સે તૂટ જાતી હૈ તો વહ કિસ ઓર જાયેગી ઉસ કા કોઈ ઠિકાના નહીં. પવન ઉસ કો જિસ ઓર ઊડા લે જાયે ઉસી ઓર વહ જાયેગી. સાધુ કા જીવન ઈસ સુખી પત્તી કી ભાંતિ હોતા હૈ.

૫. અત્તર, પથ્થર (મારબલ) ઔર આદમી કી પરખ કરના સબ કે બસ કી બાત નહીં હૈ - યે બહુત મુશ્કિલ કામ હૈ !

૬. 'યાત્રા' શબ્દમાં 'યા' કા અર્થ હૈ ગતિ કરના. યાત્રાથી માણસ હળવો બને, સરળ બને, ઉદાર બને, એનો અહમ્ ઓગળી જાય તો જ યાત્રા કરી લેખે લાગે. બાકી બધું વ્યર્થ...!

૭. મંદિરમાં આવ્યા પછી સૌ સરખાં છે, કેમ કે મંદિરની સત્તા એક પારમાર્થિક સત્તા છે. અહીં આવ્યા પછી તમને તમારા હોદ્દાનું કે તમારા પૈસાનું અભિમાન ન છૂટે તો તમારું મંદિર આવવું વ્યર્થ છે. મંદિરમાં આવનારે અહમ્‌નાં પગરખાં બહાર કાઢીને જ આવવાનું હોય છે.

૮. અહોભાવ ઔર હીનભાવ દોનોં બૂરી ચીજ હૈ. કિસી કે પ્રતિ આપ અહોભાવ રખતે હો, ઉસકા મતલબ હૈ કિ અપને લિયે હીનભાવ રખતે હૈં. આદર દેના ચાહિયે લેકિન અહોભાવ, હીનભાવ રખના નહીં ચાહિયે.

૯. કેટલાં વર્ષોથી અમારી સાથે બેસે-ઊઠે છે, પણ કશું પરિવર્તન દેખાતું નથી. જ્યાં સુધી સંસ્કાર છૂટે નહીં ત્યાં સુધી ઉપદેશનો રંગ લાગે નહીં.

૧૦. અમે જે કંઈ છીએ એમાં અમારી માનો જ ફાળો છે. અમને માની સતત યાદ આવે છે. રાત્રે ઊંઘમાં પણ ઘણીવાર એવો ભાસ થાય કે મા અમારી જોડે જ સૂતી છે. અમે વીસ-એકવીસ વર્ષના થયા ત્યાં સુધી માની સાથે જ સૂતા હતા. એ વિના અમને ઊંઘ જ ન આવે.

૧૧. સાધુજીવન કી દીક્ષા લેતે વક્ત સબકુછ છોડ દેના પડતા હૈ. નામ, કુળ, કુટુંબ, સાંસારિક સંબંધો. અમે દીક્ષા લીધી. માબાપ, સગાંસંબંધીઓના પિંડ મૂક્યા. હમારા ખુદ કા ભી પિંડ મૂક્યા. માનો કે હમ શૂન્ય હો ગયે.

૧૨. દીક્ષા કે વક્ત હમારી મા બહુત રોઈ, કહને લગી 'ઈતની સુખસુવિધાઓં મેં પલે તુમ, અબ કૈસે ગુજારા કરોગે ? ભૂખ-તરસ મિટાને કે વાસ્તે તુમ્હેં લોગોં કે સામને હાથ ફૈલાને પડેંગે...' હમને ઉસે કહા કિ મા હમ આપ કો વચન દેતેં હૈં કિ હમ કિસી કે આગે હાથ નહીં ફૈલાયેંગે. લેકિન સબ કુછ છોડને કે બાદ ભી હમ મા કો કભી ભૂલ નહીં પાયે.

*(સ્વામીજીના પૂર્વાશ્રમમાં સત્તર ખંડવાળા વિશાળ આવાસ, બાગબગીચા, ખેતીવાડી, નોકરચાકરો વગેરેની સુખસુવિધાઓ હતી - સં.)*

'જિજ્ઞાસુની ડાયરી', બી. આ.માંથી સાભાર ❑

**(અનુસંધાન પેજ નં. ૧૧ નું ચાલુ)**

ભાવના ઉત્કટપણે પ્રગટેલી દેખાતી નથી, પરંતુ તે કંઈ તેટલા માટે તેમની રાહ જોઈ બેસી રહ્યા નથી. લોકોને અનેક રીતે દુ:ખ સહન કરાવીને લોકોના ઐહિક કલ્યાણ માટે પોતાનું રાજ્ય હોવું જોઈએ એવી ઉત્કટ પ્રકારની લાગણી થોડાઓમાં અને તેવી સામાન્ય પ્રકારની લાગણી ઘણા માણસોમાં એમણે પ્રગટાવી છે જ. તેમનું કાર્ય દેખીતાં પરિણામ ઉપરથી જ માપવાની ઘણાં લોકો ભૂલ કરે છે.

એટલે સાધકે તો પોતાની યોગ્ય સ્થિતિ થતી જાય છે કે નહિ તે જ જોવાનું છે. અને તેની તેને આપમેળે ખબર પડે છે જ, પણ પાછું સતત તેમાં જ જોયા કરવાની ટેવ તેણે રાખવાની નથી. એણે તો એને બતાવેલા સાધનમાર્ગની પાછળ ખાઈખપૂસીને મંડ્યા કરવાનો પ્રયત્ન કર્યા કરવાનો છે. નહિતર તો કોઈ ને કોઈ દશામાં આવરાઈ જવાય, કેમ કે દૈવી કર્તવ્યનાં પરિણામો માનવી ધારે તે જ વખતે ફળવાં જોઈએ એવો કોઈ જડ નિયમ નથી. મહાત્મા ગાંધીજી પણ પોતાનું કર્તવ્ય ફળની આશા ત્યજીને ભાવનાની ધારણા રાખીને જ કરે છે, એ તો આપણે બધાં જાણીએ છીએ. પરિણામ ફળો કે ન ફળો, પરંતુ તેનાથી આપણો અભ્યાસ વધારે દૃઢ થાય છે અને જીવતો બને છે એ તો ચોક્કસ છે. એટલે સાધુસંતોનાં કર્તવ્યનું માપ લેવાનું કે સરખામણી કરવાનું કામ આપણું નથી. આપણી બુદ્ધિ હજી અનેક રીતે વૃત્તિઓના પાસથી રંગાયેલી છે. એટલે બુદ્ધિનો ઉપયોગ આપણી જાતના જ રચનાત્મક વલણમાં કર્યા કરવાનું રાખવામાં જ શ્રેય રહેલું છે.

'જીવન પાથેય', બી. આ., પૃ. ૧૮, પ્રેષક : બીરેન પટેલ ❑

## (૯) શ્રી જે. કૃષ્ણમૂર્તિની રોગહર શક્તિનો મને અનુભવ છે

વિમલા ઠકાર

સને ૧૯૫૬ના ડિસેમ્બરમાં હું કાશીમાં હતી. તે સમયે અચ્યુત પટવર્ધન શ્રી જે. કૃષ્ણમૂર્તિનાં સને ૧૯૨૮ થી ૧૯૪૦ સુધીનાં પ્રવચનોનાં પુસ્તકો લઈ આવ્યા. ઉપરાંત, કૃષ્ણમૂર્તિની મારે મુલાકાત લેવી જોઈએ એ માટે ઘણો આગ્રહ કર્યો. મેં કહ્યું કે એવો કોઈ મારો વિચાર નથી. મારે ખાસ પૂછવા કરવાનું નથી. પછી શાનો તેમનો સમય બગાડવો જોઈએ ?

આજે પ્રાતઃકાળે પાંચ વાગ્યે ઊઠી. સ્નાનાદિથી પરવારી ગંગા કિનારે પહોંચી ગઈ. ગંગાનો પટ વધુ ગંભીર અને શાંત જણાયો. ...ઊભી ઊભી હું વિચારતી રહીઃ મારી સ્વાધીનતામાં પારિવારિક જવાબદારી નથી. સંસ્થા-સંપ્રદાય-પક્ષનું બંધન નથી. પોતાના યોગક્ષેમની ચિંતા નથી. ધનની કોઈ લાલસા નથી. સત્તાકાંક્ષા નથી. કોઈ તપસ્યાનું પ્રલોભન નથી.

સાનુકૂળતા જ છે સર્વ રીતે. તો પછી અશ્વ ક્યાં થંભી ગયો છે ? કંઈ ખબર પડતી નથી. અહંકારની જાળ ગૂંથતી રહી છું. ક્રોધ આવે છે. આ બન્નેની ખેંચતાણમાં વાક્સંયમ તૂટી જાય છે. અનાવશ્યક બોલાય છે અને આવશ્યક રહી જાય છે ! સને ૧૯૪૯થી તો આની મને જાણ છે. પણ જ્યાં લગી નિરહંકાર ન આવે ત્યાં સુધી ઋજુતા અસંભવ છે. ઋજુતા વિના નમ્રતા અને વિનય નહિ. આ નમ્રતા વિના સત્યની ઉપાસના નહિ. ઇલાજ કોઈ નથી, અને વાણીના સંયમ વિના સત્યની ઉપાસના નહિ.

છેક બચપણથી જ મારું સ્વપ્ન મુક્તિનું, જીવન્મુક્તિનું રહ્યું છે. હવે તારુણ્ય પણ વીત્યું, ત્રીસ વર્ષ પૂરાં થયાં. હજુ પણ સ્વપ્ન તો એ જ છે, સમૃદ્ધિથી સભર જીવનયાત્રાનું. આ સ્વપ્નાશ્ય વિસ્તૃત થતો ચાલ્યો. એટલે તો અસંતોષ મારો મિત્ર બન્યો છે ! તે પળવાર માટે પણ નિરાંત લેવા દેતો નથી. આગળ વધતાં રહેવાની કોઈ અદૃષ્ટ શક્તિ સંકેત આપતી રહે છે...

આ વિચારો ચાલતા હતા ત્યાં કાન પર અવાજ અથડાયો : વિમલભાઈ, ચાલો- '...ચા નાસ્તો વગેરે થયાં. આજથી કૃષ્ણજીનાં વ્યાખ્યાનો થવાનાં હતાં. મારે કૃષ્ણજીને મળવું જોઈએ એ વાતને 'જોઈશ' કહીને વાત ટાળી. મળવું જ નહિ એવો કોઈ હઠાગ્રહ તો હતો નહિ, પણ કેવળ સંકોચ. કેમ મળવું ? શા માટે મળવું ?'

બીજે દિવસે પરોઢિયે ઊઠીને ગંગાતટ પર ગઈ. ઠંડી વધારે હતી. આકાશ વાદળછાયું હતું. સૂર્યોદય તો થયો પણ નિસ્તેજ લાગ્યો. જીર્ણ જ્વરથી ત્રસ્ત માણસના ચહેરા જેવો.

સાડા પાંચથી છ, કૃષ્ણમૂર્તિના પ્રવચનમાં બેઠી. કૃષ્ણમૂર્તિ પ્રશાંત, સૌમ્ય, સ્નિગ્ધ અને શ્યામવરણી પ્રતિમાસમા જણાયા. ધ્યાનવસ્થિત યોગી જેવી દૃષ્ટિ હતી. આંખોમાં ચિંતનનું તેજ હતું. એમની શૈલી સૌંદર્યપૂર્ણ કલાયુક્ત સાદો પણ સુંદર, મૃદુ અને મંદ અવાજ. આ સત્સંગની અનુભૂતિને શબ્દબદ્ધ કેમ કરી શકું ?

સાંજે કૃષ્ણમૂર્તિની સાથે અચ્યુતજી ફરવા નીકળ્યા ત્યારે તેમણે જ મારા વિશે પૂછપરછ કરી હતી અને પોતાને મળવા માટે પણ કહ્યું હતું. બીજા દિવસે તો કૃષ્ણજીએ જ પ્રાર્થના બાદ તેઓને કહ્યું કે તેમને કહો, 'આજે ચાર વાગ્યે મને મળવા આવે. અમે મળ્યાં.' એ

પહેલી મુલાકાત. મેં કહ્યું કે Sir, I don't have any questions, nor any problems to ask you. મારે આપને પૂછવા જેવા કોઈ પ્રશ્નો કે મુશ્કેલીઓ નથી.

**કૃષ્ણમૂર્તિ :** શું કોઈ સમસ્યા કે સવાલ હોય તો જ મળવું જોઈએ ? ચાલો, આવો આપણે મળીએ. પછી ઘણીવાર મળવાનું બન્યું. પત્રવ્યવહાર પણ ચાલ્યો. ખાસ કરીને મારી કાનની તકલીફના અનુસંધાને...

...કૃષ્ણમૂર્તિના બાલપણ અને યૌવન વિશે મને કશી જ જાણ ન હતી. ઈ.સ. ૧૯૫૬માં જ્યારે હું એમને પહેલવહેલી મળી ત્યારે તો એ સાઠી વટાવી ચૂક્યા હતા. શક્તિ અને કૌવતભર્યા હોવા છતાં એઓ વૃદ્ધ પુરુષ હતા. વૃદ્ધત્વની રેખાઓ એમના ચહેરા ઉપર દેખાતી હતી. શરીર નબળું અને પાતળું હતું.

૧૯૫૯નું વરસ મારે માટે લાક્ષણિક હતું. ભૂદાનપ્રવૃત્તિ માટે છ મહિના યુરોપમાં રહીને હું સ્વદેશ પછી આવી હતી. નવેમ્બરમાં હું અણધારી માંદી પડી. ડાબા કાનમાંથી લોહી વહેવા માંડ્યું. માથાનો અસહ્ય દુખાવો, તાવ અને સ્થૂલ વેદનાના કારણે મારે ફરજિયાત પૂનાની ઈ.એન.ટી. ક્લિનિકમાં દાખલ થવું પડ્યું. ત્યાં દાખલ થયા બાદ ત્રણ મહિને કાનની મુશ્કેલીના કારણે ઑપરેશન કરાવવું પડ્યું. તે પછી મે મહિનામાં પૂના પાસે એક હિલસ્ટેશને મને લઈ જવામાં આવી. મારી સામાન્ય તબિયત સારી થતી જતી હતી, પરંતુ જૂનની શરૂઆતમાં કાનની વેદના કલ્પનાતીત હિંસકરૂપ લઈને પાછી આવી. મને અલમોડા લઈ જવામાં આવી. ડૉક્ટરો કોઈ રીતે કશી જ સહાય કરી શક્યા નહિ.

મારા મિત્રો મારી કાનની વેદના માટે ઘણા ચિંતાતુર થવા માંડ્યા હતા. વારંવાર વેદનાના હુમલાના કારણે બેભાન થઈ જવાતું હતું. તાવ અને કાનમાંથી લોહીનું વહેવું પાછાં શરૂ થયાં. ડૉક્ટરો અને સર્જનોની સલાહ માટે મને કલકત્તા લઈ જવામાં આવી. જાતજાતની તપાસ પછી નિષ્ણાતોની સર્વાનુમતે એવી સલાહ થઈ કે મારે લંડનના નિષ્ણાંત સલાહ-સારવાર માટે લંડન જવું. ત્યાંની મુસાફરીની વ્યવસ્થા થઈ. અનિશ્ચિતતા, અસ્વસ્થતા અને અવ્યવસ્થા વચ્ચે મુસાફરીની તૈયારીમાં થોડા મહિના ગયા.

૧૯૬૦ના ડિસેમ્બરમાં કૃષ્ણમૂર્તિ એમના દર વર્ષના સામાન્ય કાર્યક્રમ પ્રમાણે બનારસ આવ્યા. અમે એમને મળવા ગયા. તેમણે મને પૂછ્યું કે કાનની તકલીફ કેમ છે ? આખી વાત મેં એમને માંડીને કહી. મારી લંડનની મુલાકાત વિશે પણ એમને જણાવ્યું. મારી વાત એમણે ધ્યાન દઈને સાંભળી, અચાનક એમણે કહ્યું : 'હું કંઈ મદદ કરી શકું ?' મેં જરા મૂર્ખાઈથી 'તમે શી મદદ કરી શકશો ? તમે ઓછા કંઈ ડૉક્ટર છો ?' પછીનો અમારો સંવાદ નીચે પ્રમાણે હતો.

કૃ. : બાલિશતા ન કરશો. હું સાચું કહું છું. કંઈ મદદ કરી શકું ?

વિ. : હું નથી જાણતી.

કૃ. : જુઓ, હું જ્યારે નાનો હતો ત્યારે મારી મા કહેતી કે મારા હાથમાં રોગ હરી લેવાની શક્તિ છે. આપણે પ્રયત્ન કરીશું. કદાચ સફળ થઈએ, ના પણ થઈએ. તમે જો હા પાડો તો પ્રયત્ન કરવામાં કશી હાનિ નથી.

વિ. : હું તમને મારા આધ્યાત્મિક ગુરુ માનતી નથી. એ શક્તિ મારી ઉપર શી રીતે

કામિયાબ બની શકશે ?

કૃ. : ઓહો ! હું કોઈનો ગુરુ નથી. પરંતુ એને તમારા વિશ્વાસની સાથે કશી લેવા દેવા નથી. એ તો મારું કામ છે.

વિ. : આપનો ઘણો આભાર. એના ઉપર હું વિચાર કરી જોઈશ.

કૃ. : આને માટે સંકોચશીલ થવાની જરૂર નથી. હું સામેથી તમને કહું છું.

કૃષ્ણજીના પ્રેમાળ પ્રસ્તાવથી હું અભિભૂત થઈ. જોકે એ પ્રસ્તાવ સ્વીકારવાની મારી તૈયારી નહોતી. એ દરખાસ્ત એટલી બધી અણધારી અને અચાનક આવી કે એણે મને લગભગ આંચકો આપ્યો.

ત્રણ દિવસ પછી હું એવા નિર્ણય ઉપર આવી કે એને માટે હું તૈયાર નથી. ચોથે દિવસે હું તેમને મળવા ગઈ. સ્પષ્ટતાપૂર્વક મેં એમને કહ્યું કે મારા અંતરમાં ઝંઝાવાત ઊઠ્યો છે. તેમણે મને કહ્યું કે હું તમને કશું જ કરવાનો નથી. એ તો રોગહર શક્તિ ક્રિયાશીલ થશે.

કૃષ્ણમૂર્તિએ સહજતાથી વિમલાજીના કાનને સરખો કરવા મદદની ઈચ્છા વ્યક્ત કરેલી. પહેલાં તેની વિમલાજીએ ના પાડી, પછી એકવાર વિનોબાજી સાથે આ સંદર્ભમાં વાત થઈ.

વિનોબા : વિમલાનંદ, શું વાત છે ?

વિમલાજી : દેહ પ્રારબ્ધ તો બધાંને ભોગવવું પડે છે. એ ભોગવવામાં સંતોની શક્તિ શા માટે લગાડવામાં આવે ?

વિનોબા : અહંકારની ચાલ પકડવી એ ઘણું સૂક્ષ્મ કામ છે. કાન સરખો કરવા માટે તેં એમને ક્યારેય કહેલું ?

વિમલા : ના.

વિનોબા : પ્રત્સાવ તેમણે કર્યો હતો ?

વિમલા : હા.

વિનોબા : તો પછી અહીં તમારો સંબંધ ક્યાં આવ્યો ? આ તો તમારા જેવાની, કૉલેજોમાં ભણીને બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે. એટલે કૃષ્ણમૂર્તિએ કહેવું પડ્યું કે તારા કાન પર હું હાથ રાખીશ. એમના ચિત્તમાં જે સંકલ્પ થયો છે એવાથી જ કામ થઈ જાત. હાથ રાખવાનીયે જરૂરત ન રહી હોત. પણ તું તો verification તાળો મેળવનારી ખરીને ? તમારી બુદ્ધિની આ તો કેવી જંજાળ છે ? એ ભલા આદમીએ ઓફર કરી છે. જા, તું જે ઇન્કાર કરે છેને, એ તારો અહમ્ છે.

કૃષ્ણજીની દરખાસ્ત નહીં સ્વીકારવામાં મને મારો અહંકાર અને દર્પ મોઢામોઢ થઈ. હું હળવી થઈ ગઈ. મેં મુક્તતા અનુભવી.

બીજે અઠવાડિયે હું કૃષ્ણજીને મળવા ગઈ. મેં એમને કહ્યું કે હું તૈયાર છું. એઓ હસ્યા. પોતાના હાથ ધોઈ આવ્યા. મારી ખુરશીની પાછળ ઊભા રહ્યા. એમણે પોતાનો જમણો હાથ મારે માથે મૂક્યો. ડાબો હાથ મારે કાને મૂક્યો. હું સાવધાન હતી. મેં જોયું કે સ્પંદનનો એક જબરજસ્ત બળવાન પ્રવાહ મારા માથામાં થઈને આખા શરીરમાં ફરી વળ્યો. સમસ્ત દેહને અદ્ભુત વિશ્રામ મળ્યો. મારી આંખો આપમેળે મીંચાઈ ગઈ. કૃષ્ણજીએ બન્ને હાથ ખસેડી દીધા. મને તરસ લાગી. કૃષ્ણજી ઝડપથી એક ગ્લાસ પાણી લઈ આવ્યા. હું ઘેર પાછી આવી અને થોડીવારમાં નિદ્રાધીન થઈ ગઈ. આખા દિવસમાં કાનમાંથી લોહી વહ્યું નહીં.

બીજે દિવસે પાછી કૃષ્ણજી પાસે ગઈ. ફરીથી

એમણે એવું જ કર્યું. ફરીથી એ જ અનુભવમાંથી પસાર થઈ. પણ આ વખતે એની ઉત્કટતા વધારે હતી. મેં કૃષ્ણજીને કહ્યું કે ગઈ કાલ આખો દિવસ તાવ ન હતો અને કાનમાંથી લોહી પણ વહ્યું નહોતું. એઓ હસ્યા. ઘેર જઈને હું સૂઈ ગઈ. તાવ નહીં અને લોહી પણ નહીં. ચૌદ મહિના પછી મને શારીરિક નિરાંતના કેટલાક મૂલ્યવાન કલાકો મળ્યા. દુઃખ અને વેદનાના આટલા લાંબા ગાળા પછી શારીરિક સ્વસ્થતા અનુભવનાર વ્યક્તિનો આનંદ તમે કલ્પી શકશો.

તે પછીની સવારે અમે ત્રીજી બેઠકનો અનુભવ કર્યો. પછી એકાદ મહિનો એની કેવી અસર થાય છે તેની રાહ જોવાનો નિર્ણય કર્યો.

કૃષ્ણજી દિલ્હી ગયા. હું બનારસ હતી. જાન્યુઆરી અને આખો ફેબ્રુઆરી, ઊલટી કે ચક્કરનો હુમલો થયો નહિ. તાવમાંથી હું તદ્દન મુક્ત હતી. કાનમાંથી લોહી વહેતું ન હતું. મને ઘણું સારું લાગતું હતું.

૧૯૬૧ના માર્ચમાં હું મુંબઈમાં હતી. મને ખબર પડી કે કૃષ્ણજી મુંબઈમાં છે. એમને હું મળી. મેં એમને કહ્યું કે કાનમાંથી પાણી જેવું પ્રવાહી વહે છે. બાકી બીજી કશી તકલીફ નથી. હા, કાનની સાંભળવાની શક્તિને નુકસાન પહોંચ્યું હતું. પરંતુ બધિરતાને માટે મને કશી ચિંતા નથી.

કૃષ્ણજીએ વધારે ત્રણ બેઠકો આપવાનું નક્કી કર્યું. વધારે વિગતોમાં ઊતરવાની જરૂર નથી. બીજી બેઠક પછી મને લાગ્યું કે જોરથી થતા અવાજો હું સાંભળી શકતી હતી. મેં કોઈને એ અંગે વાત ન કરી. ત્રીજી બેઠક પછી જ્યારે મને જણાયું કે હું પ્રત્યેક અવાજ સાંભળી શકું છું ત્યારે મારા આનંદનો પાર ન રહ્યો. ચોથે દિવસે મેં કૃષ્ણજીને કહ્યું કે મારી શ્રવણશક્તિ પાછી આવી છે.

મેં કૃષ્ણજીને એક નાની ચિઠ્ઠી લખી. કાનની તકલીફમાં રાત્રે વહેતા પાણી સિવાય બીજી કશી ફરિયાદ નથી. શ્રવણશક્તિ નૉર્મલ થઈ ગઈ છે. આભાર પ્રદર્શિત કરવાના મારી પાસે શબ્દો નથી. મારા સુખની વાત કરવા માટે મારી પાસે વાણી નથી. સુખ એટલા માટે નહિ કે હું સાજી થઈ ગઈ છું, પરંતુ જે અપૂર્વ અનુભૂતિમાંથી હું પસાર થઈ રહી છું, તેનો આનંદ છે. 'દેહ, મન અને બુદ્ધિ– સર્વમાં નિરાંત અનુભવું છું. આશ્ચર્ય થાય છે કે આ મુક્તિ તો નહિ હોય !'

'જીવન સંવાદ', જે. કૃષ્ણમૂર્તિ - વિમલા ઠકાર
સંકલન : અરવિંદ દેસાઈ પ્ર.આ.માંથી સાભાર ❏

---

(અનુસંધાન પેજ નં. ૧૦ નું ચાલુ)

હું મૂરખ નાદાન, સંતો હું મૂરખ નાદાન - ટેક
સ્નાન ન જાણું, ધ્યાન ન જાણું
પૂજા નવ પવમાન... સંતો ૧
દેવ ન જાણું, ધર્મ ન જાણું
કર્મતણું નવ ભાન... સંતો ૨
વેદ ન જાણું, પુરાણ ન જાણું
દર્શન નાહી કુરાન... સંતો ૩
કાવ્ય ન જાણું, ભાણ ન જાણું
છંદતાલ નહિ જ્ઞાન, સંતો ૪
મંદિર જાઉં ન મસ્જિદ ધાઉં
દત્તદ્વાર હું શ્વાન... સંતો ૫
ભોં ભોં કરતાં જન્મ ગયો આ
રંગ થજો અવસાન... સંતો ૬

'શ્રીરંગ પત્રમંજૂષા ભાગ-૧' પૃ. ૮૪ ❏

## (૧૦) સાચો સેવક — શ્રી નંદુભાઈ

(પાંચમું નોરતું એ પૂજ્ય ભાઈશ્રી નંદુભાઈનો જન્મદિન હોઈ તે નિમિત્તે તેઓશ્રી લિખિત આ લેખ આ અંકમાં લેવાયો છે. - સં.)

**सेवा धर्मो परमगहनो योगिनामप्यगम्यः ॥**

યોગીઓને પણ દુષ્કર એવો સેવાધર્મ છે. એનો અર્થ એ કે શરણાગતિ બરાબર કેળવાય નહિ ત્યાં સુધી સેવાધર્મ બરાબર બજાવી શકાય નહિ. સેવા અને શરણાગતિ સાથેસાથે થાય છે. અને શરણાગતિ અહમ્‌ના ઓગળ્યા વિના અશક્ય છે.

સાધનાના સર્વોચ્ચ સોપાનનો સ્પર્શ કર્યા વિના અને ત્યાં સ્થિત થયા વિના સાચા સેવક થવું શક્ય નથી. એટલે જો સાચી સેવા કરતાં આવડી જાય તો જીવનનું કલ્યાણ આપોઆપ થઈ જાય.

સેવક એટલે સદા તત્પર. સેવક એટલે જીવનવિકાસના માર્ગમાં જ્ઞાનપૂર્વકનો સ્વીકાર. કશુંય તેને ના આવડે કે ના આવડી શકે તેવું ના હોય. જોકે તે બધાંમાં પારંગત ન હોઈ શકે. છતાં જેની જરૂર પડે ત્યારે તે તેને પ્રાપ્ત બની રહે અથવા તો શીખી લઈ શકે. તેને શીખવું મુશ્કેલ બને કે તે કંટાળે એવું બને નહિ. કશાથી તે ભાગે નહિ. તેની ગ્રહણશક્તિ સતેજ હોય. ધારણશક્તિ ધીર, સ્થિર હોય. એટલે સેવક સદા ગતિશીલ ને સદા ઉલ્લાસિત, ઉમંગી અને ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવાની શક્તિ ધરાવતો હોય. સાચા સેવકમાં નીરોગીપણું પણ હોવું જોઈએ.

સાચા સેવકની સ્મૃતિ યથાયોગ્ય સમયે યથાવત્ કામ આપનારી હોવી જોઈએ. આને માટે એકાગ્રતા-concentration જોઈએ. ધ્યાનાભિમુખતા-attentiveness જોઈએ. વળી, તેની અવલોકન શક્તિ-Observation power તીવ્ર હોવી જોઈએ.

સાચા સેવકનો ઊંઘ પર કાબૂ તો હોવો જ જોઈએ. ભૂખ, તરસ તેની તાબાની વસ્તુ બની રહેવી જોઈએ. સ્ફૂર્તિ, ચપળતા, દક્ષતા, સાવધાનતા, ચકોરતા, ત્વરિતતા તેનામાં હોવાં જોઈએ. જો તેનામાં ઝડપ નહિ હોય તો તેનાં કામ યથાયોગ્યપણે નહિ થાય. છતાં દક્ષતા અને ઝડપનો સુમેળ હોવો જોઈએ. ઝડપ એ સેવાનું આવશ્યક અંગ મનાયું છે. ઝડપ એટલે ગતિ-રજસ ઉપનો કાબૂ અથવા જ્ઞાનપૂર્વકનો રજસ. આ બધાં ઉપરાંત મનની નીરવતા જેટલા પ્રમાણમાં વધુ તેટલી તેની સેવા વધુ દીપી ઊઠવાની. જો મન શાંત, નીરવ ના હોય તો પ્રસન્નતા નહિ હોય, શરણાગતિ નહિ હોય.

આમ, સેવકે સત્ત્વગુણમાં પ્રતિષ્ઠિત બનેલા હોવું જોઈએ. આમ હોય તો જ બુદ્ધિ પણ તેજસ્વી ને તીક્ષ્ણ હોય, સેવકની બુદ્ધિ પણ સૂર્યસમ તેજસ્વી જોઈએ. આ બધા ગુણસમૂહ ઉપરાંત કળશરૂપે ભક્તિ પ્રગટી ગયેલી હોવી જોઈએ. ભક્તિ વિના સર્વાંગી સાચી સેવા અશક્ય છે. આમ, આપણે જોઈશું કે સેવા એટલે જ્ઞાન, કર્મ અને ભક્તિનો ત્રિવેણી સંગમ, ત્રણે યોગમાં પારંગત. આ બધું જોતાં આધ્યાત્મિક ઊંચી કક્ષા પ્રગટ્યા વિના સેવાધર્મ અપનાવી શકાય નહિ. જીવનવિકાસ કાજે સેવાધર્મ અપનાવવો સહાયક છે. પ્રભુના, ગુરુના કે કોઈના પણ સાચા સેવક થવું એટલે જીવનવિકાસના સર્વોચ્ચ સોપાને સ્થિત થવાનો આદર્શ સેવીને તેને પ્રાપ્ત કરવો. વળી, સકળ સેવાનાં કાર્યો કરતાં કરતાં ભક્તિ અને ભાવ વિકસાવવાનો જાગ્રત ખ્યાલ જો રહી શક્યો તો તેથી કરાયેલ સેવાનો હેતુ બર નહિ આવી શકે. આવાં જ બધાં કારણોને લીધે સેવાધર્મને ગહન ગણ્યો હશે.

'જીવન સ્ફુલિંગ', બી. આ., પૃ. ૪૫ ❑

# (૧૧) પૂજ્યશ્રી દેવશંકર બાબા (૫-સંપૂર્ણ)

શ્રી રસિકભાઈ ઈ. મહેતા

*(ગતાંકથી આગળ)*

...પત્ની ચંચળગૌરીએ દેહ છોડ્યો. દેવશંકર ઉપર સાંસારિક વજ્રઘાત થયો. સોળ વર્ષના હરિ અને અગિયાર વર્ષના લાભશંકરની જવાબદારી આવી પડી. થોડા મહિના બાદ લાભશંકરને યજ્ઞોપવિતના સંસ્કાર આપ્યા અને મોટા પુત્ર હરિનાં લગ્ન વિદ્યાગૌરી સાથે કરાવ્યાં.

નાની ઉંમરની વિદ્યાગૌરીને દેવશંકરે ઘરની ચાવી સોંપતા બોલ્યા, 'મેં સંસાર શી રીતે ચલાવ્યો તેની ખબર નથી. લોકો સારી કે ખરાબ વાતો તને કરશે. મને હવે સંસારનાં બાકી કામોમાં રસ નથી. તું શક્ય તેટલાં પૂરાં કરજે. ૐ નમઃ શિવાય.'

દેવશંકરે તે રાત્રિએ ઘર છોડ્યું. મા સરસ્વતીમાં ઝંપલાવી સામે કિનારે પહોંચી ગયા. આંખમાં ભાવિ પગલાંનાં આંજણ આંજી મક્કમ સ્વરે સરસ્વતી મૈયાને પ્રાર્થના કરી, 'હે મા ! તારો પેલી પાનો કિનારો ઓળંગી ચૂક્યો છું. સામે કિનારે આવી ગયો છું. હું પ્રતિજ્ઞા કરું છું કે આ પ્રવાહ ઓળંગીને ફરી ગામ તરફ નહિ જાઉં, નહિ જાઉં !' આ ભિષ્મપ્રતિજ્ઞા કરીને પોતાનું લક્ષ્ય નક્કી કરતાં દેવશંકર માનસિક બોજથી હળવા થઈ ગયા. ભૂતકાળ એક જ ક્ષણમાં વીસરાઈ ગયો.

થોડે દૂર જંગલમાં મથુરભાઈ દવેનું ખેતર હતું. ત્યાં પહોંચી એક વરખડીના ઝાડ નીચે આસન જમાવ્યું. સાથે સામાનમાં ગૌમુખી, રુદ્રાક્ષમાળા, ઉપવસ્ત્રો અને તાંબાની એક ગગરી હતાં. પદ્માસન લાગી જતાં સાયંકાળ થયાની ખબર પણ ન પડી. રાત્રિએ સપ્તર્ષિનાં દર્શન થયાં. ગાયત્રીનું રટણ ચાલુ હતું. ખોળિયાની રાત્રીરક્ષાની કોઈ ચિંતા ન હતી. સર્પ, વીંછી, કીડી, મંકોડા, વન્ય પ્રાણીઓ કે વિષવાળા જીવજંતુ સૌ પ્રકૃતિના ખોળે કર્માનુસાર જીવે છે. દેવશંકર જીવનમાં અભય બની ગયા હતા.

બ્રાહ્મમુહૂર્ત થતાં નદીસ્નાન માટે પહોંચી માના ખોળે શરીરને પધરાવ્યું. સ્તુતિ કરી, સદ્ગતોને અંજલિ આપી. દેવ આરાધના થઈ. પૂજાવિધિ સંપન્ન થતાં પોતાના સ્થાન વરખડીએ પહોંચી ગયા.

બપારોના ત્રણેક વાગ્યે નદીના સામે કિનારેથી મિત્ર મથુરભાઈના પંચતરણી મિત્રો અને તેમની સાથે બન્ને પુત્ર હરિભાઈ અને લાભશંકર આવતા દેખાયા. મિત્રોને એક જ જવાબ 'ૐ નમઃશિવાય' આપતા રહ્યા. છેલ્લે બોલ્યા, 'ઈંટ માટીનાં ભીંતડાંઓ વચ્ચે ભીંસાયો છું. ગૂંગળાઈ મર્યો છું. હવે મેં મારી જાતને મુક્ત કરી છે. મેં સંસારથી ત્રાસી ભાગી જવાનું નથી વિચાર્યું. મેં ઘર નથી છોડ્યું. હવે હું વૃદ્ધ થયો છું, માટે સંન્યાસ લેતો નથી. વળી, તક સાધવા કે ઇચ્છાઓ સંતોષવા હું સાધુ નથી બનતો. હું કશુંય ત્યાગતો નથી. અત્યાર સુધી મેં સંસારમાં સ્વજનો વચ્ચે રહીને ભગવાનને આરાધ્યા છે. હવે કુદરત વચ્ચે રહીને આરાધના કરવા માગું છું. બસ, આટલું જ.'

દેવશંકરે ફરીથી કહ્યું, 'હું નથી બનતો યોગી, ત્યાગી, સાધુ કે સંન્યાસી. હું કોઈનાથી જય કે પરાજય પામ્યો નથી. મને કોઈ આશા નથી

અને નિરાશાયે નથી. મને મારો પોતાનો આનંદ છે. હું નિજાનંદી થવા માંગુ છું. મેં નદી ઓળંગી આ કિનારે આવ્યા પછી પ્રતિજ્ઞા લીધી છે કે નદી ઓળંગીને હવે સિદ્ધપુર તરફ પાછો નહિ ફરું. આ મારી ભિષ્મપ્રતિજ્ઞા છે.'

મિત્રો સૌ અવાક ! બાળકો સમજી ન શક્યાં કે પિતાજી શું બોલી ગયા.

રાત્રી પડતાં પાંચેય મિત્રો હાથમાં ફાનસ, દૂધનો લોટો, દશમીઓ અને અથાણાની વાડકી લઈને નીકળી પડ્યા. તેઓ શેતરંજી, ઓશીકા અને કાંબળાનો વીંટો પણ બાપા પાસે મૂકીને ઊભા રહ્યા. મિત્રોએ મચ્છર-મંકોડા અને પ્રાણીઓના ત્રાસની વાતો કરી પણ દેવશંકર તો એક જ જવાબ આપતા. 'ૐ નમઃ શિવાય'. મિત્રોએ જ્યારે જોયું કે દેવશંકર તેના નિશ્ચયમાં અડગ છે એટલે બીજે દિવસે ઝૂંપડી અને ખાટલાની વ્યવસ્થા કરી. ઉપરાંત, ફળો, ચપ્પુ અને થાળી પણ થેલીમાં હતી.

ઈશ્વરી જ યોજના હશે તેમ એક તેજ-લીસોટાને અનુસરતાં એક ગુફાના દ્વારે પહોંચી ગયા. ૐ નમઃશિવાયના મંત્ર સાથે એ ગુફામાં પગથિયાં ઊતરી આગળ વધતાં એક લંબચોરસ ઊંચાઈવાળો ખંડ જણાયો. ત્યાં જ પલાંઠી વાળી બેસી ગયા. ભિન્ન પ્રકારની મુદ્રાઓ થયા બાદ અચાનક ભાવમુદ્રામાં ખેચરી મુદ્રાએ સ્થાન લીધું. સમાધિ અવસ્થામાં જાગ્રત કુંડલિ સહજ પ્રાદુર્ભાવ પામી આ સ્થિતિમાં સળંગ પાંચ દિવસ ગુફામાં વીત્યા. તેઓ દેહાતીત અવસ્થાને માણી પ્રબુદ્ધ યોગીની સ્થિતિએ પહોંચી ગયા હતા.

વનમધ્યે એક શિવમંદિર હતું. એ શિવાલય અરવડેશ્વર દાદાનું મંદિર હતું. ત્યાં શિવલિંગને બે હાથે ભેટી પ્રાર્થના કરતાં અશ્રુનો અભિષેક થયો.

આ સમય દરમ્યાન પાંચે મિત્રો દેવશંકર બાપાની શોધ કરતા હતા અને સાથે લાવેલ દૂધ-ફળ વગેરે પાછા લઈ જતા હતા. એક દિવસ અચાનક ભેટો થતાં દેવશંકર બાપાએ જણાવ્યું કે તેઓને એક સ્થાન મળી ગયું છે. અરવડેશ્વર શિવાલયની વાત જાણતા મિત્રો અવાક થઈ ગયા. તે સ્થાનમાં ભૂતડાં, સાપ વગેરેનો ત્રાસ હતો, પણ દેવશંકર ત્યાં જ રહેવા મક્કમ હતા. એટલે મથુરભાઈની કંપનીએ એક નાનકડી સુંદર ઝૂંપડી તૈયાર કરી દીધી. દેવશંકર દિવસમાં સાંજે એક વખત ફળાહાર લેતા. બાકીનો સમય પલાંઠી વાળીને સાધનામાં જતો હતો. પછી તો દેવશંકર માત્ર એક કૌપીનભેર રહ્યા. કપાળે-શરીરે ભસ્મ લેપન કરતા. બેઠાં બેઠાં જ નિદ્રાવિરામ દોઢેક કલાકનો કરતા હતા. લોકો જાતજાતની વાતો કરવા લાગ્યા. દેવશંકરના આશીર્વાદથી સ્પર્શ માત્રથી રોગી સાજા થાય છે. નિઃસંતાનને સંતાન પ્રાપ્તિ થાય છે. ઇત્યાદિ.

દેવશંકર બાપાની સુવાસ ચારેકોર પ્રસરવા માંડી. એક પછી એક સાધુસંતો તેમની પાસે તેમનાં દર્શનને સત્સંગ માટે આવવા માંડ્યા. શ્રીલાલજી મહારાજ, પૂજ્ય શ્રીડોંગરેજી મહારાજ તેમ જ પૂજ્ય શ્રીરંગ અવધૂત વગેરે મુખ્ય હતા. અરવડેશ્વરની ભૂમિ તપોભૂમિ બની રહી હતી. દેવશંકર બાપાનો મોટો પુત્ર હરિ જીવલેણ બીમારીમાં સપડાયો. ડૉક્ટરોએ હાથ ધોઈ નાખ્યા. મિત્રો બાપાના આશ્રમમાં હરિને લઈ ગયા. સરસ્વતીનું જળ અભિષિક્ત કરી હરિને પાવામાં આવ્યું. બાપાએ આશીર્વાદ આપતાં પોતાના આયુષ્યના પંદર વર્ષ હરિને અર્પણ

કર્યા. હરિ સ્વસ્થ અને તદ્દન સાજો થઈ ગયો.

એક વખત સરસ્વતીના જળપ્રવાહમાં તણાઈ રહ્યા હતા ત્યારે જળમાં તણાતી એક પુસ્તિકા હાથમાં આવી. એક હાથે તરતા રહી બહાર નીકળ્યા તો તે પલળેલ પુસ્તિકા 'વિષ્ણુ સહસ્ર' નામની પુસ્તિકા હતી. પછી તો દર્શને આવતાં ભક્તોને બાપા વિષ્ણુસહસ્રનો પાઠ કરવાનું કહેતા હતા. બ્રહ્મ સમાજની ચોર્યાસી પણ બાપાએ કરી બ્રાહ્મણોને પ્રેમથી ભોજન કરાવેલું. ચૈત્ર માસમાં શક્તિ ઉપાસના કરતાં મા શક્તિ પરામ્બાનું પ્રાગટ્ય થયું હતું.

શરીરની બીમારીમાં સારણગાંઠનું ઑપરેશન ડૉક્ટર-નર્સોએ રેશમી વસ્ત્રો પરિધાન કરી પવિત્ર વાતાવરણમાં હૉસ્પિટલમાં કરેલું. મહેસાણાના વકીલ શ્રી જયંતીલાલ ઠાકરના ગુરુદેવ રસસિદ્ધ મૌનમુનિશ્રી બાપાની મુલાકાતે આવેલા. એકાંતિક વાતો બાદ છૂટા પડતી વખતે તેઓશ્રી બોલેલા કે આ બાપા એક વર્ષમાં પાર્થિવ દેહનો ત્યાગ કરશે. માગશર માસની કૃષ્ણપક્ષની એકાદશીએ તા. ૫, જાન્યુઆરી, ૧૯૭૮ના દિવસે સિદ્ધ અવસ્થા આસનમાં પંચતત્ત્વનો દેહ છોડી પરમ જ્યોતમાં દેવશંકરબાપા લીન થઈ ગયા. *(સંપૂર્ણ)*

'પરમ પૂજ્ય ગુરુમહારાજ દેવશંકર બાપા', પ્ર.આ., પૃ.૫૨ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | ઈન્દ્રવદન મોહનલાલ ગાંધી | અંકલેશ્વર | ૧૦,૦૦૦/- |
| ૨. | એક સ્વજન | અમદાવાદ | ૬,૦૦૦/- |
| ૩. | એક સ્વજન | ભરૂચ | ૨,૦૦૦/- |
| ૪. | શ્રી ગૌરાંગ મર્ચન્ટ | અમેરિકા | ૧,૮૦૦/- |
| ૫. | ઠાકોરલાલ મોહનલાલ વ્યાસ ૮૬મા જન્મદિન નિમિત્તે ભેટ | નરોડા | ૧,૦૦૧/- |
| ૬. | પોપટલાલ ગિરધરલાલ એન્ડ કંપની | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | દર્શનાબહેન હર્ષદકુમાર ભટ્ટ પુત્ર ચિ. ઋષિના જન્મદિન (તા.૨-૯) નિમિત્તે | ઈસનપુર | ૫૦૧/- |
| ૮. | પંકજ એન. જાની | મુંબઈ | ૫૦૦/- |
| ૯. | ઈલાબહેન મનહરભાઈ પટેલ | લવાછા | ૧૦૧/- |
| ૧૦. | એક સ્વજન (ઈ. બૅંકિંગથી) | | ૧૦૧/- |

નોંધ : મે, ૨૦૧૯ના હરિભાવમાં રૂ. ૩૧૦૦/-ની ભેટનો ઉલ્લેખ છે. હવે વિગત મળવા મુજબ સદ્‌ગત પિતાશ્રી ભીખુભાઈ બી. દેસાઈની ૩૧મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે ધીરેન્દ્રભાઈ બી. દેસાઈ, રહે. હાલર, વલસાડ

**ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ. - સંપાદક**

### (૧)
### હોય તેણે દેવું જોઈએ

પ્રભાશંકરભાઈ બીજાને છૂટે હાથે દેતાં, એ કોઈથી અજાણ્યું ન હતું. સ્નેહીસંબંધીઓ એથી ચિંતિત રહેતાં. એક વખત એક બાળસ્નેહીએ પ્રભાશંકરભાઈને પૂછ્યું : 'તમે એક તરફ ગાંધીજી પ્રત્યે અતિશય ભક્તિરાખો છો, તેમના ઘણા સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા મથો છો, પણ ગાંધીજી તો માગવા આવનારને કંઈ જ આપતા નથી. ઊલટું માગવા આવનારને તેઓ માગવાનું છોડી દઈ કામ કરવાનો આદેશ આપે છે. જ્યારે તમે તો કોઈનેય કામ કરવાનું કહેતા નથી. ઊલટું આપો જ છો. આમ, આપી આપીને તમે લોકોને ભિખારીવેડા શીખવો છો.'

પ્રભાશંકરભાઈ ગંભીર ભાવે બોલ્યા : હું એ વાત નથી ભૂલતો કે મહાત્માજીએ તો પોતાની બધી સંપત્તિ દરિદ્રનારાયણ દેશને ચરણે ધરી દીધી છે. તેઓ અનન્ય દાતા છે, એવડા મોટા દાતા છે કે, દઈ દીધા પછી, તેમની પાસે પોતાનું કહેવાય તેવું કંઈ જ નથી. એ કમાતા નથી. ઉપરાંતમાં પોતાનો દેહ અને જિંદગીની પળેપળ સેવામાં સમર્પી દીધાં છે. જ્યારે મારી પાસે તો છે, વળી ચાલુ કમાણી છે. તેમાંથી હું થોડું થોડું દઉં છું.

**જેની પાસે હોય તેણે દેવું જ જોઈએ.** તન, મન કે ધન દ્વારા જે કંઈ દઈ શકાય તેવું હોય તે દેવું જોઈએ. માગવા આવનારની જગ્યાએ હું હોઉં તો મને શું થતું હોય, એ જ વિચાર મને પહેલો આવે છે.

હુંયે લોકોને કામ કરવાની જરૂરિયાત સમજાવું છું પણ એ માગવા આવે ત્યારે નહિ. માગે તેને જો હું કામ ન દઈ શકું તો 'કામ કરો' એમ મારાથી તેને ત્યારે કહેવાય નહિ. માગવા આવે ત્યારે હું ના નથી કહી શકતો.

અને વાત એમ છે કે કોઈને ભીખવું ગમતું હોતું નથી. માણસ સ્વભાવથી કામનો ચોર નથી. માણસજાત પશુ જેવા જીવનમાંથી આટલી આગળ વધી છે તેનું કારણ પોતાની સ્થિતિ ટકાવી રાખી નવું નવું કંઈક કરવાની માણસમાં સ્વયંસ્ફુરણા રહી છે તે છે.

માગનારમાં સ્વમાનની ભાવના ન રહે, હરામનું ખાવાનું મન થાય, એવી સ્થિતિ તો આજીવિકાના સદંતર અભાવમાંથી પેદા થાય છે. માણસને માટે પ્રામાણિક જીવનનાં સરળ સાધનો બને તેટલાં ઊભાં કરવાં, એ દૃષ્ટિ જીવતી રાખીને હું આપું છું.

હું બીજાને નથી દેતો, મને જ દઉં છું.

### (૨)
### પેન્શન બમણું કરી આપ્યું

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર ભાવનગરમાં રહેતા હતા. તેમને લાઠી નરેશ 'કલાપી', વડિયા દરબાર અને ભાવનગરના ભાવસિંહજી વગેરે પેન્શન આપતા હતા. 'કલાપી' અને ભાવસિંહજીના અવસાન પછી તેઓના ખાનગી ખાતા તરફથી અપાતું પેન્શન બંધ થઈ ગયું. એટલે તેમને મુશ્કેલી પડવા લાગી.

મસ્ત કવિ વહીવટી કારોબારીના સભ્ય કર્નલ જોરાવરસિંહજીના મિત્ર હતા. એકવાર જોરાવરસિંહજીએ ભાવનગરના ઍડ્મિનિસ્ટ્રેટર

પ્રભાશંકરભાઈને કવિના બંધ પડેલા પેન્શનની વાત કરી. પ્રભાશંકરભાઈએ કહ્યું કે એ પેન્શન આપણે શરૂ કરી દેશું. પણ તમે એમને મારી પાસે લઈ આવો તો મારે મળવું છે. પેન્શન વિશે વાત નથી કરવી.

એક દિવસ જોરાવરસિંહજી કવિને તેડી ગયા. તે વેળાએ પ્રભાશંકરભાઈ મંદવાડમાં પડ્યા હતા. પોતાના મંદવાડ વિશે પ્રભાશંકરભાઈએ ખેદ વ્યક્ત કર્યો.

ત્યાં તો મસ્ત કવિ બોલી ઊઠ્યા : 'આ બધાં કરેલાં પાપનાં પરિણામ છે. રોગ વિનાકારણ આપમેળે આવતા નથી. તેડાવ્યા આવે છે.' જોરાવરસિંહજી કવિને વારંવાર ઈશારો કરવા જતા હતા, ત્યાં તો પ્રભાશંકરભાઈ બોલ્યા, 'કવિ, તમે સાચું જ કહો છો. આવું કહેવા માટે હું તમારો આભાર માનું છું. આમ કહીને તેમણે કર્મવિપાક વિશે મહાભારતમાંથી દૃષ્ટાંત આપી વાતો કરી. પછી તો કવિનેય થયું કે પટણીજી જેવા ભલા માણસને આમ કહેવું જોઈતું નહોતું ! પણ હવે શું થાય ? ભારે ભૂલ થઈ ગઈ !'

થોડીવાર પછી મસ્ત કવિ અને જોરાવરસિંહજી ઘેર જવા ઊઠ્યા. મસ્ત કવિ હજી તો જોરાવરસિંહજીને ત્યાં બેઠા હતા. એ દરમિયાન પ્રભાશંકરભાઈની ચિઠ્ઠી લઈને ઘોડેસવાર જોરાવરસિંહજીને આપી ગયો. ચિઠ્ઠીમાં લખ્યું હતું.

'મસ્ત કવિ જેવા સત્યવક્તા મનસ્વી માણસો રાજ્યમાં છે, એ રાજ્યની શોભા છે. એમણે જે કહ્યું તેથી મને નવું બળ મળ્યું છે. તેમનું પેન્શન બંધ થયા તારીખથી ફરી શરૂ કરવાનું ને તે બમણું કરી આપવાનું ખાનગી ખાતાના ઉપરી અધિકારી સાહેબને મેં લખી જણાવ્યું છે તે પછી આ ખબર આપને આપું છું.'

## (૩)

## બચરવાળ બાઈને ઘર અપાવ્યું

એકવાર બગદાણા જતાં રસ્તામાં ઓથા ગામે પ્રભાશંકરનો બે કલાક મુકામ હતો. એ વખતે એક બાઈ તેનાં ત્રણ બાળકોને લઈને અરજ કરવા આવી.

હકીકત એવી હતી કે, બાઈને એના ધણીએ દશેક વરસ ઉપર છૂટી કરી દીધી હતી. તે છોકરાંને લઈને બાપને ત્યાં આવી હતી. બાપ વૃદ્ધ હતો એટલે મજૂરી કરીને બાઈ ગુજરાન ચલાવતી હતી.

બન્યું એવું કે વૃદ્ધ બાપ અપુત્ર ગુજરી ગયો. કાયદાની રૂએ વસુલાતી ખાતા મારફત તેનું ઘર દરબાર-દાખલ થયું અને હાલ તે ઘર હરાજ કરવા મુકાયું હતું !

ગામમાં મકાનોની અછત હોવાથી તથા ખેડૂતોની સ્થિતિ સારી હોવાથી એ ઘરની કિંમત વધારે ઊપજે એમ હતું. સસ્તાંમાં એ ઘર મળે તેમ હોત તોયે એ બાઈએ ઘર ખરીદી શકે એમ ન હતું. તે મકાન હરાજ થયા પછી બીજે રહેવાનું કોઈ ઠેકાણું ન હતું. બીજો કોઈ આધાર પણ ન હતો.

બધી વાત સાંભળીને પ્રભાશંકરભાઈને આઘાત લાગ્યો. એમણે એ જ વખતે ખેડૂતોને તથા ગામના આગેવાનોને બોલાવ્યા. પંચક્યાસની રકમ પોતા પાસેથી આપી, થાણદારને ચોપડે તે રકમ જમા કરાવી. પછી બાઈના નામે એ ઘર કરાવીને પ્રભાશંકરભાઈએ એ બાઈને કહ્યું, 'જાઓ બહેન, હવે તમને એ ઘરમાંથી કોઈ કદી કાઢી નહિ શકે.'

પેલી બાઈ પ્રભાશંકરભાઈનો આભાર માની, પ્રણામ કરી, રાજી થઈને બાળકોને લઈ ઘેર ગઈ.

'પ્રતિભાની પ્રતિમા' ત્રીજી આવૃત્તિમાંથી ❑

# (૧૩) સદ્‌ગત્ શ્રી નાગજીભાઈ દેસાઈને ભાવાંજલિ

સંપાદક

પૂજ્ય શ્રીમોટાએ વ્યક્તિ અને સમાજમાં ગુણ અને ભાવનું સર્જન અને એનું સંવર્ધન થાય એને ઘણું મહત્ત્વ આપ્યું છે. પોતાના સમગ્ર જીવન દરમ્યાન જેઓએ ગુણવર્ધન અને ભાવસર્જનને જીવી જાણ્યું-આચર્યું એવા ગુજરાતના એક પનોતા પુત્ર શ્રી નાગજીભાઈ મહેરાજભાઈ દેસાઈનું તા. ૨૦-૮-૨૦૧૯ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થતાં તેમની સાથેનાં કેટલાંક સંસ્મરણો સન્મુખ થયાં છે, પણ અત્રે એ વિગતો ન આલેખતાં તેઓએ વર્ષ, ૨૦૧૦ની દેવદિવાળીએ પોતાનું જે વસિયતનામું લખી રાખેલું તેની પ્રત પ્રાપ્ત થતાં તે પ્રકાશિત કરી ગતાત્માના યશકલ્યાણ માટે શ્રીહરિને પ્રાર્થનાપૂર્વક ભાવાંજલિ અર્પણ કરીએ છીએ.

શ્રી નાગજીભાઈ અને તેમનાં જીવનસાથી શ્રીમતી શાંતાબહેન (તાઈ) દ્વારા સુરેન્દ્રનગર ખાતે બાલાશ્રમ (અનાથાશ્રમ)નો જે શુભારંભ થયો તે સામાન્ય રીતે બને છે તેમ અનેક સંકટો, સમસ્યાઓ અને સંઘર્ષણો બાદ આજે વટવૃક્ષ સમાન વિસ્તરીને અનેક અન્ય પ્રવૃત્તિઓ સ્વરૂપે વડવાઈઓએ મૂળીયાં નાંખ્યાં છે.

કુદરતી આફતોના ભોગ બનેલાં, તરછોડાયેલાં, ભૂલાં પડેલાં, અનાથ, નિરાધાર બાળકોને પારિવારિક હૂંફ, માવજત, આશ્રય અને જીવનશિક્ષણ આપતી સંસ્થા 'ડૉ. લક્ષ્મીચંદ મૂળજીભાઈ ધ્રુવ બાલાશ્રમ (અનાથાશ્રમ) મુખ્ય સંસ્થાની સાથે છાત્રાલય, બાલગૃહ, બાળકોની લાઈબ્રેરી, પ્રાર્થનાભવન, બાલવાડી વગેરે જે તે દાતાશ્રીઓના સહયોગના નામોલ્લેખ સાથે આજે પ્રવૃત્ત છે. નિરાધાર કુમળી વયનાં બાળકો બાળમજૂરીમાં કે અસામાજિક તત્ત્વનો ભોગ બની ગેરમાર્ગે દોરવાઈ અસામાજિક પ્રવૃત્તિઓ કરી સમાજમાં દૂષણો ફેલાવતાં અટકે એ દિશામાં આ સંસ્થાનું અને તેના પ્રણેતા સદ્‌ગત શ્રી નાગજીભાઈ અને શ્રીમતી શાંતાબહેનનું મૂક છતાં ઉલ્લેખનીય પ્રદાન છે. આ સંસ્થા અસ્તિત્વમાં આવી એ માટેનાં પરિબળો, તેની અનેકવિધ મુશ્કેલીઓના સમયમાં જેઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું એનો ઈતિહાસ પ્રેરકમય છે. એની વિગતો સમાજ માટે ધ્રુવતારક સમાન હોઈ યથાવકાશે આલેખવાની ભાવના છે.

**'આપણી આવતી કાલ પરિશ્રમથી આપણે જ ઘડવાની છે'** એવો જેમનો જીવનમંત્ર હતો એવા સદ્‌ગતશ્રી નાગજીભાઈનું વસિયતનામું આ પ્રમાણેનું છે :-

| દેવદિવાળી |
|---|
| સને - ૨૦૧૦ |
| સમય : સવારના ૫-૦૦ |

**એક ગૃહપ્રતિ - શિક્ષકનું વસિયતનામું**

આત્મપ્રિય,

વહાલા દીકરા નિખિલ, અ.સૌ. પુત્રવધૂ જયશ્રી, ચિ. ડૉ. સોનમ, ચિ. કબીર

હું, નીચે સહી કરનાર **શ્રી નાગજીભાઈ મહેરાજભાઈ દેસાઈ (રબારી)**, સ્વસ્થ શરીર અને પ્રસન્ન મનથી આ વસિયતનામું લખું છું. જેનો મારી ઈચ્છાઓનો આખરી શબ્દદેહ માનવો.

૧. મારા નામે મેં કોઈ જાગીર કે સંપત્તિ મેં ભેગી કરી નથી. છતાંય કોઈ જગ્યાએ ના. મ. દેસાઈ મારું નામ હોય તો તે નામની જગ્યાએ તમારાં બન્નેને એટલે કે ડૉ. નિખિલેશ દેસાઈ તથા ડૉ. શ્રીમતી જયશ્રી દેસાઈ સહી ઈચ્છિત ઉપયોગ કરવાનો અધિકાર આપું છું.

૨. પ્રભુ પિતાની અસિમ કૃપાથી તમો બન્નેએ અમારી ભાવનાઓને સમજી જીવનને વહેતું રાખ્યું.

અ.સૌ. જયશ્રી ધન્યવાદને પાત્ર છે કે તે અમારા આદર્શોને સમજી તે પૂરેપૂરા સાકાર પામે તે માટે મથ્યાં છે. એક સસરા તરીકે મને ગૌરવ છે કે એક 'વહુમા' તરીકે ઘરને 'ઘર' બનાવ્યું. મારા હોલાના તરખડા જેવા માળામાં ત્રણ પારેવાં જેવાં બાળકોને રમતાં મૂક્યાં.

૩. મારી જિંદગીની સાંસારિક સફળતા કે સમાજક્ષેત્રે જાહેર જીવનની સફળતા માટે બે પાત્રોને પુણ્યશાળી આત્માઓને જિંદગીના છેલ્લા પ્રણામ પણ ભક્તિપૂર્વક કરું છું.

(૧) શાંતાબહેન (તાઈ) દેસાઈને બીજા છે શ્રી ચિનુમામા (શેઠશ્રી ચિનુભાઈ હિંમતલાલ શાહ). તારી બાએ મારાં નામનું ઓઢણું ઓઢી મને સંસારમાં ઊજળો કરી બતાવ્યો છે. જ્યારે ચિનુમામાએ મારા વિચારો, આદર્શો સાકાર બને તે માટે પોતાની તિજોરી ખુલ્લી મૂકી દીધી. મેં જ્યારે જ્યારે લક્ષ્મી માંગી ત્યારે ત્યારે તેઓએ હોંશ ભેર પૂરી કરી છે. ને નવાં કામો માટે મજબૂત બનાવ્યો છે. એટલે કે સમાજમાં શૈક્ષણિક ક્ષેત્રે મને ઊજળો કરી બતાવ્યો છે. ચિનુમામા સાચા અર્થમાં મારે માટે 'કુબેર ભંડારી' રહ્યા.

**મારા અવસાન બાદ નીચેની વિગતો પ્રમાણે અમલ થશે તો મને ખૂબ જ ગમશે.**

* મારું જે સ્થળે મૃત્યુ થાય તે સ્થળની નજીક જે સ્મશાન સ્થળ હોય ત્યાં જ મારા શરીરના અગ્નિ સંસ્કાર કરવા.
* મારા મૃત્યુ બાદ પ્રાણ વિહીન શરીરની અંતિમવિધિ શક્ય તેટલી વહેલી કરવી. તેને વધુ સમય રાખી મૂકવું તે મડદાનું અપમાન કરવા બરાબર છે.
* મારા પાછળ કોઈપણ પ્રકારની 'કર્મકાંડ' ક્રિયા કે વિધિ કરવી નહિ. મારી જીવનશૈલીને મારું કાર્યપૂર્ણ મને મુક્તિ અપાવશે જ. આત્મા વિધિઓનો, ક્રિયાઓનો ગુલામ નથી. મેં માનવજાત સાથે સંબંધોમાં પ્રેમ, કરુણા અને વિશ્વાસના વ્યવહારનું વાવેતર કર્યું છે. તેનો મને પૂરો સંતોષ છે. આ વાવેતર હજારો વિદ્યાર્થીઓના કાર્યમાં હું ઊગેલું ને કોળેલું જોઉં છું. ત્યારે મનખો તરી ગયો છું તેમ લાગે છે.
* મારી પાછળ રડવું કે શોકાતુર વાતાવરણ ન બને તે ખાસ જોશો. પ્રસન્ન વાતાવરણનો હું પ્રેમી અને પૂજક છું.
* મારી જિંદગીનો વહાલામાં વહાલો દિવસ એટલે 'દેવદિવાળી'. આ દિવસે જ મને મારી 'શૈક્ષણિક - સંકલ્પનાઓ સૂજેલી અને કાર્ય માટે ચેતનાબળ મળેલું. જો શક્ય બને તો વર્ષમાં એકવાર આ દિવસે સમાજ ઉપયોગી વાર્તાલાપ એકાદ કલાકનો રાખવો (વધુ નહિ જ) ને મિત્રો, સ્વજનોને આમંત્રણ આપી બોલાવવાં. વ્યાખ્યાન બાદ સ્વજનો સાથે સાદું-પોષણયુક્ત ભોજન સૌની સાથે યોજવું. આ દિવસ મારા આત્મા માટે 'ઉત્તમોત્તમ ઉત્સવ પર્વ' હશે.'
* મારા મૃત્યુ અંગે કોઈ પણ પ્રકારની સભાનું આયોજન કરવું નહિ. પ્રવચનો કરવાં નહિ. મૃત્યુનું શાંતિપૂર્ણ પ્રસન્ન વદને સન્માન જાળવવું.
* મારાં અસ્થિ કોઈ પણ જગ્યાએ જમીનમાં ખાડો ખોદી પધરાવી માટી નાંખી દેશો. માટી ભેગી માટી ભળી જાય. પાણીમાં પધરાવી પાણી દૂષિત ન કરવા વિનંતી.

**વિનીત,**
તમને ગમતું પપ્પાનું વહાલ
**(નાગજીભાઈ મહેરાજભાઈ દેસાઈ)**

(શ્રી ઇચ્છાશંકર જોષી દ્વારા પ્રાપ્ત) ❑



ભગવાન શ્રીકૃષ્ણ નિજધામ પામ્યા ત્યારે ભક્તિ ખૂબ ખિન્ન થઈ ગઈ. અને પોતાના બન્ને દીકરાઓ - જ્ઞાન અને વૈરાગ્ય સાથે દક્ષિણમાં દ્રવિડ દેશમાં ચાલી ગઈ. એટલે જેટલા પણ આચાર્યો થયા, સંત મહાત્માઓ થયા તે દક્ષિણમાં થયા. ભક્તિ દક્ષિણમાંથી જેમ જેમ ઉપર આવી તેમ તેમ શિથિલાંગ બનતી ગઈ.

ગુજરાતમાં આવીને તો એકદમ ભાંગી પડી ! એના બન્ને દીકરા જ્ઞાન અને વૈરાગ્ય પણ અકાળે વૃદ્ધ બની ગયા ! ગુજરાતમાં તો દંભ ખૂબ ચાલે છે. ખૂબ વાણીવિલાસ કરનાર અને ખૂબ દેખાડો કરનાર સાધુમહાત્મા તરીકે પૂજાય છે.

- સાવલીના સ્વામીજી

'જિજ્ઞાસુની ડાયરી : પુરુરાજ જોષી'
બી. આ., પૃ. ૧૨૧

**HARIBHAV, OCOTBER - 2019**

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



આપણા કોઈ પ્રાણપ્રિયને બોલાવતાં કેટલો આનંદ આપણને થાય છે ! એનાથી હજારગણું વહાલ (ખરું જોતાં તો સરખામણી જ ન થઈ શકે) 'હરિઃૐ' બોલતાં થવું જોઈએ. એવું થાય તો આપોઆપ કામ થાય જ.

-શ્રીમોટા

'જીવન પગરણ', બી. આ., પૃ. ૪૧

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com